# આધ્યાત્મિક કેડી

તંત્રી : સંપાદક : કૈલાસબહેન એન. પરીખ




॥ પરમ તેજદાત્રી મા ગાયત્રી ॥

ॐ ભૂર્ભુવઃ સ્વઃ ॐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॐ ॥

વર્ષ ૮ ] જુલાઈ ૧૯૮૯ [ અંક ૩

# શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ

## અમદાવાદ–૧૬

[ રજી. નં. ૩૩૬૧ ]

ગાયત્રી ઉપાસક પૂજ્ય શ્રી શાસ્ત્રીજીએ ( નરેન્દ્રભાઈ બી. દવે ) માર્ચ ૧૯૭૫થી મા ગાયત્રીના આદેશથી લોકસેવાનો અભિગમ સ્વીકાર્યો છે. આધિ–વ્યાધિ–ઉપાધિથી ત્રસ્ત વ્યક્તિઓને વ્યક્તિગત મુલાકાત આપી તેમના પ્રશ્નો સુલઝાવવાનો પ્રયત્ન તેઓ વિના મૂલ્યે કરી રહ્યા છે. અસાધ્ય બિમારીથી વ્યથિત વ્યક્તિઓને પૂજ્યશ્રી મા ગાયત્રીના આદેશ અને માર્ગદર્શન અનુસાર શક્તિપ્રદાનની સારવાર આપી રોગમુક્ત કરવાનો પ્રયાસ કરે છે. અભિમંત્રિત જીવનજળ માનવીનું જીવન બનાવે છે અને જીવન બચાવે છે.

ભારતમાં અને વિદેશોમાં પૂજ્યશ્રીની સેવાનો લાભ વિશાળ જનસમુદાયે લીધો છે અને લઈ રહ્યા છે. યંત્રયુગમાં જીવતાં માનવીને આધ્યાત્મિક શરણનો સીધો, સરળ રાહ બતાવી માનસિક શાંતિનો અનુભવ કરાવે છે.

પૂજ્યશ્રીના આ અનોખા અને વિરલ કાર્યયજ્ઞનો લાભ કોઈ પણ જ્ઞાતિ, જાતિ, ધર્મ કે સમ્પ્રદાયના વિશાળ જનસમુદાયને મળી શકે તેવા શુભ આશયથી પૂજ્યશ્રીની પ્રેરણા અને મા ગાયત્રીની કૃપાથી **શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ**ની સ્થાપના કરવાનો એક નમ્ર પ્રયાસ કર્યો છે.

**આ ટ્રસ્ટના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે છે :**

(૧) ગરીબ તથા જરૂરવાળા માણસોને દરેક પ્રકારે મદદ કરવી.

(૨) કોઈ પણ પ્રકારના શિક્ષણના ક્ષેત્રમાં મદદ કરવી.

(૩) આધ્યાત્મિક સારવાર–કેન્દ્ર સ્થાપી અસાધ્ય બિમારીમાંથી લોકોને રાહત અપાવવી.

(૪) કુદરતી આફતમાં સપડાયેલાઓને સહાયરૂપ થવું.

(૫) વિશ્વબંધુત્વની ભાવના કેળવી માનવજાતને દરેક વિષમ પરિસ્થિતિમાં સહાયરૂપ થવું.

અમારા આ નમ્ર પ્રયાસને આપ વધાવી લેશો અને વેગવંતો બનાવશો તેવી નમ્ર વિનંતી.

આભાર સહ

કે. એન. પરીખ
મેનેજિંગ ટ્રસ્ટી
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ

સરનામું :
કે. એન. પરીખ
મેટ્રનનો બંગલો, સીવીલ હોસ્પીટલ કમ્પાઉન્ડ,
અસારવા, અમદાવાદ–૧૬. (ગુજરાત) (ઇન્ડિયા)
ફોન : ૩૭૯૦૯૭

# આધ્યાત્મિક કેડી

વર્ષ ૮ ] • જુલાઈ : ૧૯૮૯ • [ અંક ૩ જો

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. માતાજીનો આદેશ | | ... ... ૩ |
| ૨. મદ (અહમ્) | શાસ્ત્રીજી | ... ૪ |
| ૩. ખમીર અને ખુમારીભર્યું વ્યક્તિત્વ | કુ. પૂર્ણિમા ભગતજી | ૧૧ |
| ૪. પૂ. ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં... | | ... ... ૧૪ |
| ૫. એ આગાહી સાચી ઠરી! | | ... ... ૧૮ |
| ૬. અધ્યાત્મની પગદંડી | ડૉ. કાન્તિલાલ કાલાણી | ૨૦ |
| ૭. અભય : દૈવી સંપત | શાસ્ત્રીજી | ... ૨૨ |
| ૮. કર્મમાર્ગના પ્રવાસીને | શાસ્ત્રીજી | ... ૨૫ |
| ૯. સાધનનું સંમાર્જન | શાસ્ત્રીજી | ... ૨૯ |
| ૧૦. સમાચાર | | ... ... ૩૨ |



આ ત્રૈમાસિક અંક
જાન્યુઆરી,
એપ્રિલ,
જુલાઈ
અને
ઑક્ટોબર
માસમાં
પ્રગટ થશે.

વાર્ષિક લવાજમ
રૂપિયા દસ

પ્રકાશક :
શ્રી કૈલાસબહેન એન. પરીખ
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ,
મેટ્રન ક્વાર્ટર્સ,
ન્યુ સિવિલ હૉસ્પિટલ કમ્પાઉન્ડ,
અસારવા,
અમદાવાદ – ૩૮૦ ૦૧૬

મુદ્રક :
કાન્તિભાઈ મ. મિસ્ત્રી
આદિત્ય મુદ્રણાલય,
રાયખડ,
અમદાવાદ – ૩૮૦ ૦૦૧


## ★ ગુરુપૂર્ણિમા ★

તા. ૧૮–૭–'૮૯ ને મંગળવારના રોજ ગુરુપૂર્ણિમાના પર્વ નિમિત્તે સવારે નવથી સાંજના પાંચ સુધી,

સ્થળ : **શ્રી મહેશ્વરી સેવા સમિતિ, મહેશ્વરી ભવન,**
દિલ્હી દરવાજા બહાર, હાજીપુરા ગાર્ડન અને શાહીબાગ ક્રોશિંગની મધ્યમાં, શાહીબાગ, અમદાવાદ.





# □ માતાજીનો આદેશ □

**ગાયત્રી માતાનાં વહાલાં બાળકો,**

તમે સૌ જાણો જ છો કે હું તો માતાજીનો સૈનિક છું. માતાજી આદેશ આપે એટલું જ કાર્ય હું કરું છું.

ગઈ તા. ૨૭–૩–'૮૯ ની મધ્યરાત્રીએ માતાજીએ સ્વપ્નમાં આદેશ આપી જણાવ્યું છે કે,

**' ચોથી સપ્ટેમ્બર અને સાતમી સપ્ટેમ્બર ઉજવવાની નથી. મારા આગમનની જાણ કોઈને કરવી નહિ.'**

દર વર્ષે ચોથી સપ્ટેમ્બરે 'નીલોષા' પર તેમ જ સાતમી સપ્ટેમ્બરના મારા જન્મદિને આપણે સૌ ભેગાં મળીએ છીએ, પરન્તુ માતાજીના આદેશ અનુસાર ચોથી અને સાતમી સપ્ટેમ્બરના કાર્યક્રમો ઉજવવાના નથી તેની સૌને નોંધ લેવા વિનંતી છે.

**એન. બી. દવે – શાસ્ત્રીજી**

# મદ (અહમ્)

**શાસ્ત્રીજી**

માનવીના ષડ્‌રિપુમાં સ્થાન પામેલ મદ વિશે આજે આપણે સમજવાના છીએ.

માનવીનો મોટામાં મોટો શત્રુ મદ છે. આ મદ એટલે અભિમાન, અહંકાર, અહમ્ એમ તે જુદા જુદા નામે ઓળખાય છે. આપણી અનેક કથા–વાર્તાઓમાં અહંકારની વાત સુવિદિત છે. આપણા અનેક સન્તોએ–ભક્તકવિઓએ અહંકારની નિરર્થકતા પ્રત્યે, તેના સ્વભાવ વિશે, તેના પરિણામ વિશે સ્પષ્ટપણે ચેતવણી ઉચ્ચારી છે.

ભક્ત કવિ નરસિંહ મહેતાએ કહ્યું છે :

'હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જ્યમ શ્વાન તાણે.'

નરસિંહ મહેતા અહમ્‌ને અજ્ઞાનતા સાથે સરખાવે છે.

ગાડાની નીચે ચાલતું કૂતરું એમ સમજે છે કે ગાડું તો હું જ ખેંચું છું. માણસનો અહમ્ તેને નિરર્થકતા, ક્ષુલ્લકતા, મિથ્યા પ્રવૃત્તિ તરફ ધકેલે છે.

## માનવીનો 'હુ' એ અહમ્

સન્ત તુલસીદાસે કહ્યું છે :

'દયા ધરમકા મૂલ હૈ, પાપમૂલ અભિમાન
તુલસી દયા ન છોડિયે જબ લગ ઘટમેં પ્રાન.'

દયા એ ધર્મનું મૂળ છે. માનવીનાં તમામ પાપોનો – અસત્ કર્મોનો જનક તેનો અહમ્, અહંકાર, અભિમાન છે. દયાની વિરોધી વૃત્તિ તરીકે ક્રૂરતાને ગણાવવાને બદલે તેઓ અભિમાનને ગણાવે છે.

કોઈકે અહમ્‌ને મરણ સાથે સરખાવ્યું છે.

ત્યારે પહેલો પ્રશ્ન એ થાય કે અહમ્ એટલે શું ?

અહમ્ એટલે માણસનો 'હુ'. જીવનમાં અનેકવિધ નાનાં–મોટાં કાર્યો કરતો માનવી માને છે કે, 'આ હું કરું છું. આ મારા વડે થાય છે. આ હું જ કરી શકીશ.'—એમ માણસના મનમાં કર્તાભાવ જાગે છે ત્યારે તેનામાં 'અહમ્' પેદા થયેલો ગણાય છે. દરેક બાબતમાં પોતાની, પોતાના કાર્યની, પોતાના વિચારની, પોતાની માન્યતાની, પોતાના અભિગમની યોગ્યતા ઠસાવવાની માણસની જીદ–રઢ એ અહમ્ છે. દરેક બાબતમાં પોતાની ક્ષમતાસામર્થ્ય માની લેવાનું માણસનું વલણ અહમ્‌નું કારક બને છે. દરેક બાબતમાં પોતાનું જ ધાર્યું થવું જોઈએ તેવી માન્યતા પણ અહમ્‌પ્રેરક જ બને છે.

[ આધ્યાત્મિક કેડી, જુલાઈ, '૮૯

વ્યક્તિ જ્યારે ઉચિત–અનુચિત, યોગ્ય-અયોગ્ય વિશે વિચારી શકતો નથી ત્યારે તેનામાં અહમ્ પેદા થાય છે.

અહમ્ એટલે વ્યક્તિની સર્વાંગ અજ્ઞાનતા.

અહમ્ એટલે અસત્ય આચરણ.

અહમ્ એટલે સાત્ત્વિક વૃત્તિનો અભાવ.

અહમ્ એટલે માનવતાવિહીન પ્રવૃત્તિ.

અહમ્ એટલે એકમેક પ્રત્યેના ભેદભાવમાંથી જન્મતો માનસિક આવેગ.

વ્યક્તિનો આ અહમ્ તેના ભૌતિક તેમ જ આધ્યાત્મિક જીવનમાં મોટી આડખીલીરૂપ બની રહે છે. કારણ અંતતોગત્વા તે માનવીના જીવનમાં સરિયામ નિષ્ફળતા જ ઘસડી લાવે છે. ચર્મચક્ષુધારી માનવીને તેનો અહમ્ અન્ધ બનાવી દે છે. તેથી જ તો કોઈક કવિએ ગાયું છે:

'ઊંડા અન્ધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા,
અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા.'

માનવીનાં સર્વ દુઃખોનું મૂળ અહમ્ છે. જીવનમાં ઘણી વાર અહમ્ને કારણે જ સમસ્યાઓ સર્જાય છે. આપણા મોટા ભાગના પ્રશ્નો અહમ્ને લીધે જ ઉદ્ભવે છે.

પોતાનું મહત્ત્વ પ્રસ્થાપિત કરવાની માણસની વૃત્તિ અને પ્રવૃત્તિમાંથી અહમ્ ઉદ્ભવે છે.

અહમ્ માણસને કુમાર્ગગામી બનાવે છે. એટલું જ નહિ, તેને અનેક પ્રકારની અનીતિ, અપ્રમાણિકતા, અસાત્ત્વિકતા આચરવા પ્રેરે છે.

પ્રેમ, આત્મીયતા, માનવતાભર્યો અભિગમ, ધૈર્ય, સહનશીલતાના અભાવમાંથી અહમ્ પેદા થાય છે.

ક્યારેક વ્યક્તિની અમુક નિષ્ફળતા પણ અહમ્ની જનક બને છે અને ન કરવાનાં કાર્યો કરાવે છે. મહાન શક્તિશાળી ગણાતો રાવણ સીતાના સ્વયંવરમાં જે ધનુષ્ય તોડી ન શક્યો તે દશરથ પુત્ર રામ તોડી શક્યા. સર્વસમર્થ ગણાતો અને પોતાની જાતને પણ સમર્થ માનતો રાજા રાવણ ધનુષ્ય તોડી ન શકતાં તેનામાં વેર ને અહમ્ પેદા થયાં, જેને કારણે તેણે સીતાનું હરણ કર્યું વગેરે.

વ્યક્તિ પોતે જ પોતાની મર્યાદા, પોતાની શક્તિનો માપદંડ સ્વીકારી લે, તેનો પરિચય મેળવી લે તો તેના ઘણા પ્રશ્નો હલ થઈ શકે છે. તે પોતાને અને પોતાની આસપાસના વાતાવરણ અને સંબંધિતો માટે પણ વિશેષ ઉપકારક નીવડે છે.

અહમ્થી અન્ધ બનેલ માનવી પોતાને અને સામાને પણ નુકસાન પહોંચાડે છે.

આમ અહમ્ વિશે જેટલું કહીએ તેટલું ઓછું છે. ટૂંકમાં અહમ્ માનવી માટે વિનાશક છે.

જીવનની સફળતાના ઉન્નત શિખરે બિરાજેલ માનવીને તેનો અહમ્ જ તેને પતનની ઊંડી ખીણમાં ધકેલી દે છે. પતનની ઊંડી ખીણમાં ગબડી પડેલ માણસને તેનો અહમ્ જ તેની ઉર્ધ્વગતિની આડે આવે છે. અહંકારી મનુષ્ય કદી પ્રગતિ કરી શકતો નથી પ્રગતિ કરતો હોય તો પણ તે અટકી જાય છે.

આપણી અનેક કૌટુમ્બિક-સામાજિક સમસ્યાઓમાં માનવીનો અહમ્ જ કારણભૂત બને છે. કોઈ એક વ્યક્તિનો અહમ્ સમગ્ર કુટુમ્બને વેરવિખેર કરી દે છે. જીવનના સ્થૂળમાંથી સૂક્ષ્મમાં સૂક્ષ્મ સ્તર પર – બાબતો પરત્વે માનવીનો અહમ્ વિનાશકારી પરિણામો લાવીને જ રહે છે. વ્યક્તિગત કે સામુહિક નુકસાન કરીને જંપે છે.

જીવનમાં પગલે પગલે પડછાયાની જેમ અહમ્ સાથે ને સાથે જ ચાલે છે. તેથી નાનું-મોટું દરેક કાર્ય સો ગળણે ગાળીને – વિચારપૂર્વક સમજદારી રાખી કરીશું તો ઘણી સમસ્યાઓ ઉદ્‌ભવવાનું નામ જ નહિ લેશે, એટલું જ નહિ ઉદ્‌ભવેલી સમસ્યાઓ મોટે ભાગે આપમેળે જ હલ થઈ શકશે.

હવે આપણે આધ્યાત્મિક બાબતમાં ઉપાસના ક્ષેત્રે અન્તરાયરૂપ નીવડતા અહમ્‌ની ચર્ચા કરીએ.

સામાન્યમાં સામાન્ય ઉપાસકથી માંડીને ઉપાસનાના ઉત્તુંગ શિખરે બિરાજેલ ઉપાસકને-મુમુક્ષુને માટે પણ અહમ્ ઘણા મોટા અન્તરાયરૂપ બની શકે છે.

સૌથી પહેલી વાત તો એ કે, શ્રદ્ધા અને શરણાગતિપૂર્વક ઇષ્ટની ઉપાસનાનો આરંભ કરવા છતાં–ઉપાસના કરવા છતાં – જીવનમાં ઘણી બધી બાબતો પરત્વે ઇષ્ટની કૃપાયાચના કરવાને બદલે મનુષ્ય મનસ્વીપણે વર્તે છે. ઇષ્ટના સ્મરણનો આશ્રય લેવાને બદલે માનવી બાહ્ય ઉપચારો કરવામાં – બીજા ત્રીજા સાથે ચર્ચા વિચારણા કરી નિર્ણય લેવામાં સમય વ્યતીત કરે છે, તદનુસાર કાર્ય કરે છે. તેઓને વ્યવહારડાહ્યાનો અહમ્ હોય છે.

ઉપાસના ક્ષેત્રે પ્રયાણ આદરતા માનવીને આમ પ્રથમ પગલે જ પોતાનો અહમ્ નડે છે.

કેટલાક માનવીઓ ઇશ્વરમાં માનતા હોવા છતાં પોતાનું ધાર્યું જ કરે છે. ક્યારેય કોઈપણ બાબત પરત્વે નમતું જોખતા નથી, નમતું જોખવા તૈયાર નથી.

આમ મનુષ્ય ઉપાસના કરે છે. પણ કહેતાં દુઃખ થાય છે કે તે શ્રદ્ધા અને શરણાગતિનો એકડો ઘૂંટતો નથી. શ્રદ્ધા–શરણાગતિનું મૂલ્ય સમજતો નથી.

બીજી વાત એ બને છે કે, ઇશ્વર વિશે થોડી ઘણી વાતો – બાબતોની માહિતી મેળવનાર – માંડ માંડ ત્રણ માળા કે સ્તોત્રપઠન કરનાર જીવાત્મા ભક્તિનો ઘણો મોટો ભાર લઈને ફરે છે. તે ઇશ્વરની, ભક્તિની, શ્રદ્ધાની, શરણાગતિની વાતો ઠેર ઠેર-જેની તેની સમક્ષ કરતો ફરે છે ને તે ઉપહાસપાત્ર ને ક્યારેક અપમાનિત પણ થાય છે. કદાચ તેનું દિલ સાફ હોય તો ય ભક્તિની સભાનતા માનવીમાં અહમ્ જગાડયા વિના રહેતી જ નથી.

ઘણીવાર માનવી ઇશ્વરીય બાબતોની શ્રદ્ધાની – શરણાગતિની – ઉપાસનાની વગેરે પરત્વે શરમ ને સંકોચ અનુભવે છે. અનેકાનેક બાબતો પરત્વે ભય અને અહિતની લાગણી અનુભવતો માનવી છડેચોક અંતઃકરણપૂર્વક ઇશ્વરનું શરણું લેતો નથી, તેમ કરવામાં તેને ક્ષોભ થાય છે.

સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ ભાવે પોતાના કોઈ પણ ઇષ્ટની ઉપાસના કરતા, તેની ઉપાસનાના અનુભવોની – કૃપાની દેખીતી સફળતા પ્રાપ્ત કરતા, ઇષ્ટને આશ્રયે નચિંત રહેતા જીવાત્માની ઠેકડી ઉડાડવી, કેમ તું તો બહુ ભગવાનને ભજે છે તો ય તારું કેમ કશું ઉપજતું નથી? એમ કહેવામાં પણ અહમ્ જ રહેલો છે.

ઇષ્ટની કૃપાની અવગણના પણ અહમ્‌ને કારણે જ થાય છે. ઘણી વાર કોઈક ને કોઈક રીતે ભગવાન ચેતવણી આપતો હોય છે, પૂર્વસંકેત આપતો હોય છે, માર્ગદર્શન આપતો હોય છે પણ

સ્વાર્થપરસ્ત માનવી એ સમજી શકતો નથી, સમજે છે તો તેનો અમલ કરી શકતો નથી. માણસની ગમે તેટલી ભક્તિ હોવા છતાં અહમ્‌નું પડળ જ તેને ભગવાનની દયાની પ્રાપ્તિ કરતાં રોકે છે.

ઘણીવાર જીવનમાં માનવીને અનેક પ્રકારની સરસ તકો આવી મળે છે. એનો સમજી વિચારી માનવી સ્વીકાર કરે તો જીવન સફળ ને સમૃદ્ધ બને છે. પરન્તુ અહમ્‌ને કારણે પણ માનવી આવી મળતી તકોને જતી કરે છે કે સ્વીકારી શકતો નથી.

માનવી જીવનમાં ઘણી ભૂલો કરે છે. પણ એ ભૂલોનું પુનરાવર્તન ન થાય તે જોવું પણ જરૂરી છે. એ ભૂલોનું પ્રાયશ્ચિત કરી શકાય છે. સુધારી પણ શકાય છે. પણ નિખાલસપણે ભૂલોનો એકરાર કરવાને બદલે અહંકારના અન્ધકારમાં અટવાયા કરે છે.

અહમ્ એ માનવીનો મોટામાં મોટો શત્રુ છે. કારણ તે પોતાના પાશમાં મનુષ્યને જકડી લઈને, ફસાવી લઈને કર્મના બન્ધનમાં–કર્મના ચક્રમાં ફસાવે છે. અહંકારથી અન્ધ બનેલ માનવી અનેક પ્રલોભનોમાં સરળતાથી ફસાઈ પડે છે.

અહમ્‌ના આવાં અનેકવિધ – નિતનવીન પરિમાણો ને પરિણામોને કારણે માનવી પરમતત્ત્વની શક્તિના – ઉપાસનાના હાર્દને પામી શકતો નથી. પરમતત્ત્વની શક્તિને સમજવા, ઉપાસનાના હાર્દનો પરિચય મેળવવા અહંકારથી મુક્ત બનવું જરૂરી છે. સુખી અને સમૃદ્ધ, શાંત અને સ્વસ્થ જીવનની એ જ એક માત્ર ગુરુચાવી છે.

સૌથી મોટી વાત તો એ છે કે માનવીના ભૌતિક જીવનની છાયા આધ્યાત્મિક જીવન પર પણ પડે જ છે. મનુષ્યે સંસારમાં રહીને જ ઈષ્ટની ઉપાસના કરવાની છે. આ ભવનાં કે પૂર્વ ભવનાં સત્–અસત્ કર્મોની છાયા મનુષ્યનાં જીવન અને ઉપાસના બન્ને પર પડે જ છે. આથી અહમ્‌થી મુક્ત બનવા સત્કર્મનો અભિગમ પણ કેળવવો જોઈએ એમ હું માનું છું. પરન્તુ ખાટલે મોટી ખોડની જેમ માનવીને સત્કર્મનો પણ ભાર નડે છે. પોતાનાં કાર્યોને તે સ્વયં પાંચ–પચીસની હાજરીમાં વર્ણવી બતાવે છે તે ઉચિત નથી. એ અંહકારનું જ પ્રવર્તન છે.

ઘણીવાર એવું બને છે કે, માનવી પોતાના પ્રશ્નોના–સમસ્યાઓના ઉકેલ માટે કોઈક સન્ત કે ગુરુનો આશ્રય લે છે. પરમાત્મા સાથે પ્રત્યક્ષ અનુસન્ધાન સાધી ચૂકેલા સન્તો–ગુરુ આગન્તુકને તો પોતાના સ્વભાવ ને પ્રણાલી પ્રમાણે નિષ્કામ ભાવે માર્ગદર્શન આપે છે – સલાહસૂચનો કરે છે. મનુષ્યે તેનો શ્રદ્ધાથી, વિશ્વાસથી અમલ કરવો જોઈએ. પણ તેમ ન કરતાં તે બીજા – ત્રીજાને–કોઈ જ્યોતિષને કે કહેવાતા કોઈ જાણકારને પૂછવા જાય છે ને એમ અટવાયા કરે છે, તેની સમસ્યા ઉકેલાઈ શકતી નથી, ને તે સન્તની–ગુરુની નિન્દા કરતાં અચકાતો નથી. પ્રારબ્ધનિર્મિત વેદનાના કળણમાંથી બહાર આવી શકતો નથી.

મને એક વાત યાદ આવે છે. એક સમ્પ્રદાયનો એક શિષ્ય અન્ય સમ્પ્રદાયના ગુરુપદે બિરાજેલ વિભૂતિને વન્દન કરવા જાય છે. તે જઈને પ્રણામ કરીને તેમની ક્ષમાયાચના કરે છે. તે કહે છે: 'મને ક્ષમા કરો. મનમાં શંકા આણી અમુક દિવસે હું આપના દર્શન કરવા આવેલો. મારા મનમાં આપને માટે તુચ્છ ભાવ જાગ્યો. પછી હું જ્યારે મારા ગુરુને મળવા ગયો ત્યારે તેમણે મને ઠપકો આપતાં કહ્યું કે આપ જે કાર્ય કરી રહ્યા છો તે પરમ કૃપાળુ પરમાત્માની શક્તિથી–આદેશથી કરી રહ્યા છો. એ કાર્ય યોગ્ય જ છે. તું જઈને તેમની માફી માગી આવ. આથી હું આપની ક્ષમા માગવા આવ્યો છું. મને ક્ષમા કરો.'

આપણા સમ્પ્રદાયો પણ માનવીના અહમ્‌નું જ પરિણામ છે કદાચ. સમ્પ્રદાયો એ માનવનું જ સર્જન છે. આખરે પરમાત્મા–પરમતત્ત્વ તો એક જ છે. સૌ મનુષ્યો એનાં જ સર્જન છે. જુદાં જુદાં નામોમાં એક જ ઈશ્વર બિરાજેલ છે. ગમે તે નામ કે સ્વરૂપ પસંદ કરો. ભક્તિ માત્ર એક જ ઈશ્વરની હોઈ શકે. કોઈ દેવ–દેવી નાના નથી કે મોટા નથી. મનુષ્યની ભક્તિ કદી એળે જતી નથી. તેના કર્મ પ્રમાણે સફળતા કે નિષ્ફળતા તેને મળે છે. પરન્તુ અહંકારના અન્ધકારમાં અટવાતા માનવીને આ સત્ય સમજાતું નથી ને ભક્તિનો ભાર ને સભાનતા સાથે તે ભગવાનને ભજ્યાનો મિથ્યા સન્તોષ ને અહમ્‌માં રાચે છે.

માનવીના ભૌતિક કે આધ્યાત્મિક ઉભય જીવનમાં આડખીલીરૂપ બનતો હોય તો તે 'હું' – મનુષ્યનો આ અહમ્ જ જીવનમાં અનેક મુશ્કેલીઓ સર્જે છે એટલું જ નહિ, મનુષ્યને પરમાત્માથી, તેના પ્રેમથી પણ વિમુખ રાખે છે. અહમ્ સેવતો મનુષ્ય પરમાત્માની ભક્તિ કરી શકતો નથી અથવા તેની ભક્તિ ફળતી નથી. પોતાના કર્તાપણાનું ભાન જ્યાં સુધી કોઈ પણ મનુષ્ય કે ઉપાસક વિસરે નહિ, વિસારે પાડે નહિ તો તે કોઈ રીતે ફાવતો નથી. એટલે જ આપણા સિદ્ધ પુરુષો–સન્તો–ગુરુઓ આપણને અહમ્‌થી મુક્ત થવાનો આદેશ આપે છે. કારણ કે માનવી ભલે બુદ્ધિશાળી પ્રાણી કહેવાતો હોય, છતાં જીવનનો મહાન સંચાલક તો ઇશ્વર જ છે. તેની ઇચ્છા વિના સઘળું નકામું છે. અરે, એક પાંદડું ય તેની ઇચ્છા વિના ફરકી શકતું નથી કે અતિ તુચ્છ ગણાતું તૃણ પણ ટકી શકતું નથી, તો મનુષ્યની તો વાત જ શી? જીવનના ગમે તે સોપાન પર, ક્ષુલ્લકમાં ક્ષુલ્લક બાબતો પરત્વે પણ જો ઈશ્વરમાં શ્રદ્ધા હશે તો તે અચૂક ફળીભૂત થશે જ થશે. સ્વાનુભવે જ એ સમજાશે. અહમ્‌થી મુકત બનેલ આત્મામાં જ પ્રભુની શરણાગતિનો આવિષ્કાર સધાય છે. જયાં પ્રભુની શરણાગતિનો આવિર્ભાવ થાય છે ત્યાં અહમ્‌ને ટકવા માટે કોઈ કારણ નથી રહેતું. કારણ કે ત્યાં પરમાત્માની ઇચ્છાનો જ નત મસ્તકે સ્વીકાર કરવાનો રહે છે. એકવાર પરમાત્મા આગળ મસ્તક નમ્યું પછી આપણા સારા–ખોટાનો, હિત–અહિતનો વિચાર જ કરવાનો રહેતો નથી. પ્રભુનાં ચરણોમાં જ્યાં આપણું અસ્તિત્વ સમર્પિત થાય છે ત્યાં પછી કોઈ જ તર્કવિતર્કને સ્થાન નથી રહેતું. પ્રભુનાં ચરણોમાં સમર્પિત થયેલા જીવનું કદી અહિત થતું નથી. તે હકીકત પ્રત્યેક મનુષ્યે–પ્રત્યેક ઉપાસકે યાદ રાખવાની છે. આટલી વાત યાદ રાખીશું તો અહમ્‌ના શત્રુને વશ કરી શકીશું.

પરમાત્માની ઇચ્છા પ્રમાણે જ સમસ્ત માનવજાતનાં જીવન ગતિ કરી રહ્યાં છે. આપણું સમસ્ત જીવન તેની જ ઇચ્છાનું પ્રવર્તન છે. એણે આપણને જે કાર્યો સોંપ્યાં છે કે જે કાર્યો કરવા માટે નિર્માણ કર્યા છે તે આપણે પૂરી નિષ્ઠાથી, ફરજથી, કાળજીપૂર્વક બજાવવાનાં છે. એની સફળતા નિષ્ફળતાની જવાબદારી પરમાત્માની જ રહે છે.

આ જગત પરમાત્માની એક વિશાળ દુકાન છે. આપણે સૌ તેની દુકાનમાં કામ કરતા દાસ–નોકરો છીએ. તે જે ચીંધે તે કામ કરવાની આપણી ફરજ છે. પરમાત્માની દાસી તરીકે આ જગતમાં–જીવનમાં જે માનવી જે કોઈ પણ કાર્યો કરે છે તેનો યશ–તેની સફળતા માનવીને આ ભવે નહિ તો આવતે ભવે તો મળે જ છે. જીવનમાં કોઈક શુભ, સુખી, સંતોષની પળે આપણે અનાયાસે જ અન્તરથી ઉચ્ચારી ઊઠીએ છીએ કે ઠાકોરજીની કૃપા, મારા લાલજીની દયા, મારા કયા ભવનાં પુણ્ય, આજે ઈશ્વરે મારી લાજ રાખી, ભગવાન મારી વહારે ધાયો, આવી અનુભૂતિ કરાવતી જીવનની પળોમાં માનવીનો અહમ્ નાશ પામે છે કે અહમ્‌નો નાશ કરવા પ્રેરણા આપે છે. અહમ્‌નો અન્ધકાર જ્યારે દૂર થાય ત્યારે જ કદાચ માનવી આવી સમજ મેળવવા શક્તિશાળી બની શકે છે.

આ જગતમાં પરમાત્મા સિવાય કોઈ જ સર્વગુણસમ્પન્ન નથી. દરેકમાં કોઈ ને કોઈ અવગુણ રહેલો જ હોય છે. છતાં આપણે માની બેસીએ છીએ કે, બીજા બધા કરતાં આપણામાં કોઈ વિશિષ્ટ ગુણ–આવડત–શક્તિ છે. પરંતુ આપણામાં બીજા કરતાં વિશિષ્ટ અવગુણ છે તેનો ક્યારેય વિચાર કરતા નથી. આવી વિશિષ્ટ માન્યતા જ મનુષ્યમાં અભિમાન પ્રેરે છે. મનુષ્ય જો પોતાની ખામીઓ, અવગુણો, દોષોને જોવાનો પ્રયત્ન કરતાં શીખે તો અહંકારની નાગચૂડમાંથી મુક્ત થવાની કેડી પ્રાપ્ત થઈ શકશે.

કામ, ક્રોધ, લોભના પંજામાંથી આપણે આપણી જાતને છોડાવી શકતા નથી ને આપણા થોડાક ગુણો, આવડત, શક્તિ પર અભિયાન કરીએ છીએ, જે નિરર્થક છે.

મનુષ્યને પોતાની થોડીક વિશિષ્ટતાનો ખ્યાલ આવતાં પોતાની જાતને અસામાન્ય માની બેસે છે પરન્તુ તેથી તો તેના વિકાસનો માર્ગ અવરોધાય છે. જીવનમાં સફળતાની પ્રાપ્તિની આડે મનુષ્ય સ્વયં અભિમાનની દીવાલ ખડી કરી દે છે.

એક ભાઈ ખૂબ જ શ્રદ્ધાપૂર્વક ઉપાસના કરતા હતા. તેમને ડૉકટર બનવાના કોડ હતા. તેમને વિશ્વાસ હતો કે તેઓ પ્રભુકૃપાથી અવશ્ય ડૉકટર બની શકશે. સમય જતાં તેઓ ઈશ્વર પ્રત્યેનાં દઢ શ્રદ્ધા ને વિશ્વાસથી ડૉકટર બની શક્યા. એટલું જ નહિ ઉત્તરોત્તર તેમની પ્રગતિ પણ થતી ગઈ. જેમ જેમ તેઓ તબીબી ક્ષેત્રે પ્રગતિ કરતાં ગયા તેમ તેમ તેમનામાં અહમ્ આવતો ગયો ને પછી તેમણે ઉપાસના સદંતર છોડી દીધી.

કેટલીક વાર એવું બને છે કે ઉપાસનાપરાયણ વ્યક્તિને જ્ઞાન ને યોગપ્રાપ્તિની ઘેલછા જાગે છે. આ ઘેલછા તેને કોઈ કહેવાતા સાધુના શરણમાં, લઈ જાય છે. જ્ઞાનના ઓઠા હેઠળ તે માણસને એવું માર્ગદર્શન આપે છે, શીખવે છે, મનમાં ઠસાવે છે કે માણસના જીવનમાં એથી વિપરીત અહિતકર પરિસ્થિતિઓ સર્જાય છે, માનવી સમસ્યાઓના વમળમાં અટવાઈ પડે છે. તે અનેક ઠોકરો ખાય છે. તે કોઈ જ્ઞાન કે યોગનું રહસ્ય તો પ્રાપ્ત નથી કરી શકતો, પણ પોતાની મૂળ ઉપાસના પણ ખોઈ બેસે છે. શ્રદ્ધા અને શરણાગતિના હાર્દને પણ તે વિસારે પાડી બેસે છે. જ્ઞાનપ્રાપ્તિનો અહમ્ તેના જીવનમાં વિપરીત પરિસ્થિતિઓ–વિષમતા સર્જે છે. એ અહમ્‌નું જ પરિણામ છે.

ક્યારેક વડીલો વડીલપણાના અહમ્‌ને કારણે પોતાની જ માન્યતાઓને પોતાના છોકરાઓ પર લાદે છે. છોકરાઓની પસંદગી, અભિગમને પણ લક્ષમાં લેતા નથી. ઘણી વાર અમુક કુટુમ્બમાં છોકરાઓ–યુવાનો ઠરેલ ને સંસ્કારી હોય છે પણ વડીલો વડીલપણાને કારણે તેમને મુક્તપણે ફરવા દેતા નથી. તેમની વાતોને લક્ષમાં લેતા નથી. વડીલો પોતાનો અહમ્ છોડી યુવાનોને સાથે રાખે તો કુટુમ્બમાં અવશ્ય સુમેળ સર્જાઈ શકે છે.

ઘણીવાર કચેરીઓમાં અધિકારીઓ પોતાના અધિકાર–સત્તાની રુએ પોતાના સાથીઓને–કર્મચારીઓને વિના કારણે અપમાનિત કરતા રહે છે.

અહમ્‌નાં આવાં અનેકવિધ પ્રવર્તનો છે.

રાવણ મૃત્યુશૈયા પર હતો ત્યારે રામચન્દ્રજીએ લક્ષ્મણજીને રાવણ પાસે કુશળ રાજનીતિનાં સૂત્રો શીખવા માટે મોકલ્યો. લક્ષ્મણજી રાવણના માથા પાસે ઊભા રહ્યા અને કુશળ રાજનીતિ શીખવવા વિનંતી કરી. રાવણે લક્ષ્મણજીને પોતાના પગ આગળ આવવા કહ્યું. પગ પાસે બેઠા પછી જ રાવણે તેને રાજનીતિનાં સૂત્રો શીખવ્યાં. નમ્ર બનવાથી જ જ્ઞાન પ્રાપ્ત થાય છે.

અભિમાન કોઈનું રહ્યું નથી. મહાન શક્તિશાળી જ્ઞાનવાન, ધનવાનો આ દુનિયામાં આવ્યા અને ચાલ્યા ગયા. જેણે જેણે પોતાની શક્તિનું, સમ્પત્તિનું, રૂપનું અભિમાન કર્યું તેને કુદરતે જબ્બર થપ્પડ મારી છે અને તેના અભિમાનના ચૂરેચૂરા કરી નાખ્યા છે. પ્રકૃતિએ શેરને માથે સવા શેર ઘડેલા જ છે. માનવીનું અભિમાન ઊતારવા માટે કુદરત પાસે ઘણાં સાધનો છે.

મનુષ્ય યુવાવસ્થામાં મેળવેલી સિદ્ધિઓ, શક્તિઓના વિકાસથી છકી જાય છે. વિનય-વિવેક વિસરી જઈ બીજાને તુચ્છ સમજી ઊતારી પાડવાની, અપમાનિત કરવાની પ્રવૃત્તિ આદરે છે. વૃદ્ધાવસ્થામાં તેની શક્તિનો હ્રાસ થતાં તેનું અભિમાન ઓગળી જાય છે. યુવાનીમાં આચરેલાં કૃત્યોથી તેને કોઈનો સાથ સહકાર મળતો નથી.

વૃદ્ધત્વની જેમ મૃત્યુ પણ તેને સચોટ બોધ આપે છે. અઢળક ધનસંપત્તિનો માલિક હોવા છતાં બધું જ અહીં છોડીને જવાનું છે. મૃત્યુ સમયે શરીર, બુદ્ધિ, ધન, જ્ઞાન કશું જ કામ નથી આવતું, તેથી તેનું અભિમાન રાખવું ઉચિત નથી.

દરરોજ પોતાની જાતનું, પોતાનાં કાર્યોનું સતત મૂલ્યાંકન કરતા રહેવાથી મનુષ્ય પોતાના શત્રુ અહમ્‌નો સરળતાથી પરિચય પ્રાપ્ત કરી શકે છે. રોજ રાત્રે સૂતી વખતે દિવસ દરમ્યાનનાં સમગ્ર કાર્યોને યાદ કરી વિચારો કે મેં કોઈ અપકૃત્ય તો કર્યું નથી ને! કોઈના દિલને ઠેસ તો પહોંચાડી નથી ને! મારો અભિગમ, મારું વલણ યોગ્ય છે કે અયોગ્ય? એથી અહમ્‌નો અવશ્ય ખ્યાલ આવી શકશે.

અહમ્‌ના નિવારણનો શ્રેષ્ઠ ઉપાય છે નિરપેક્ષતા-નિષ્કામ ભાવ કેળવવાનો. કારણ પોતાની અપેક્ષાઓ સંતોષવા ન કરવાનાં કાર્યો કરે છે તેમાં તેનો અહમ્ જ કારણભૂત હોય છે. સમસ્ત અસ્તિત્વને પ્રેમ, માનવતા, સહૃદયતા, વિનમ્રતા ને વિશાળતાથી ભરી દેવામાં આવે તો અહમ્‌નો નાશ સરળતાથી કરી શકાય છે.

સાથે જ જીવનમાં નાનામાં નાનાં કાર્યોથી માંડીને મોટામાં મોટાં કાર્યો પાર પાડવા પોતાના ઇષ્ટમાં-મા ગાયત્રીમાં સમ્પૂર્ણ શ્રદ્ધા, શરણાગતિ, મા-બાળકનો સમ્બન્ધ અને નિષ્કામ ભાવ કેળવવાથી અહમ્‌નો નાશ કરવાની શક્તિ પ્રાપ્ત થશે. જીવનના પ્રત્યેક સોપાન પર, પ્રત્યેક ક્ષેત્રે માતાજીની મરજીનો-ઇશ્વરની ઇચ્છાનો સ્વીકાર કરીશું તો અહમ્‌ના પ્રવર્તનને ઝાઝો અવકાશ રહેશે જ નહિ. એની મરજીનો સ્વીકાર કરવાથી મનુષ્યમાં સાચી શરણાગતિ ઉદ્‌ભવે છે. સાચી શરણાગતિના આવિષ્કાર માટે અહમ્‌ને નામશેષ કરવો અનિવાર્ય ને આવશ્યક છે. પરન્તુ તે પછી પણ સાવધ ને સજાગ રહેવું જરૂરી છે કારણ શત્રુ ઘણી વાર મરણતોલ હાલતમાં પણ ઘાતક પ્રહાર કરે છે. તેથી તે સમ્પૂર્ણ નાશ ન પામે ત્યાં સુધી ગાફેલ રહેવું ન જોઈએ. પણ એ માટે તો એક નહિ, અનેક જન્મારા પણ કદાચ વહી જાય. જન્માન્તરોને અન્તે પણ અહમ્‌નો જ્યારે સંપૂર્ણ નાશ થશે ત્યારે પરમતત્ત્વની પ્રાપ્તિનો માર્ગ સુલભ બની જશે. પરમાત્માની કૃપાપ્રાપ્તિ પણ ત્વરાથી થઈ શકશે અને કદાચ સાક્ષાત્કાર પણ શક્ય બની શકશે.

□

# ખમીર અને ખુમારીભર્યું વ્યક્તિત્વ

કુ. પૂર્ણિમા ભગતજી

'આધ્યાત્મિક કેડી'ના આ અંકમાં ગુરુદેવ પૂ. શ્રી શાસ્ત્રીજીએ માનવીના શત્રુ અહમ્ વિશે જે વિશદ છણાવટ કરી છે, એ સાથે સાથે તેમની અહમ્વિહીનતાના તેમના જીવનપ્રસંગોનું આલેખન અહમ્નો નાશ કરવામાં વિશેષ ઉપકારક ને પ્રેરક નીવડી શકશે, જે અત્રે પ્રસ્તુત છે.

શાસ્ત્રીજીના પુસ્તક 'ગાયત્રી જ્ઞાન અને મહિમા'ના આવેદનમાં તેમણે જણાવ્યું છે કે, 'ભૌતિક સફળતા–નિષ્ફળતાને ઈશ્વરની ઉપાસના સાથે કોઈ સમ્બન્ધ નથી. દરેકે કરેલાં કર્મનાં ફળ ભોગવવાં જ પડે છે. મારી વાત કરું તો મારી મહત્ત્વાકાંક્ષા ડૉક્ટર બનવાની હતી, પણ તે બર નહિ આવી.'

'મેં કદી માતાજી પાસે કશું માગ્યું નથી. મારી કોઈ અપેક્ષા નહોતી. આજે પણ નથી. માની ઇચ્છાને–આદેશને સર્વોપરી માની ચાલ્યો છું. જીવન ગતિ કરે છે માની ઈચ્છા પ્રમાણે.'

માતાજીએ લોકસેવાનો આદેશ આપ્યો ત્યારે શાસ્ત્રીજી નોકરી કરતા હતા. તેમણે લોકસેવાર્થે નોકરીમાંથી નિવૃત્ત થવાનો વિચાર કર્યો. એ વિચાર અમલમાં મૂકે તે પહેલાં જ માતાજીએ તેમને રાજીનામું આપવાનો આદેશ આપ્યો. તેમણે તરત જ તેનો અમલ કર્યો, પણ મનમાં નોકરીની ચિંતા પણ હતી જ. ૧૯૭૬માં માતાજીએ જ્યારે પ્રથમ સાક્ષાત્કાર કરાવ્યો, ત્યારે માતાજીએ અભયવચન આપ્યું: 'નોકરીની ચિંતા કરતો નહિ.'

શ્રદ્ધા અને શરણાગતિપૂર્વક, નિષ્કામ ભાવે, મા–બાળકનો સમ્બન્ધ કેળવી ઉપાસના કરવાના શાસ્ત્રીજીના આદેશ અને અભિગમમાં અહંકારની અનુપસ્થિતિ વરતાય છે એટલું જ નહિ અહમ્વિહીન બનવા માટેનો એ એક ઉપાય પણ છે.

માતાજીએ જ્યારે માંગવાનું કહ્યું ત્યારે બીજું કશું જ ન માંગતાં તેમણે માત્ર જન્મોજન્મ ભક્તિ જ માગી. મોક્ષ પણ નહિ!

સૌને વિદિત હશે કે, શાસ્ત્રીજી પ્રખર જ્યોતિષી છે. તેઓ વિના મૂલ્યે જ્યોતિષનું માર્ગદર્શન પૂચ્છે તે વ્યક્તિને આપતા હતા. સમયાન્તરે માતાજીના આદેશથી તેમણે જ્યોતિષ જોવાનું બંધ કર્યું. માતાજીનું કહેવું હતું કે, અવકાશી ગ્રહો સહિતની સમસ્ત સૃષ્ટિ મારા – પરમાત્માના નિયંત્રણ હેઠળ છે. પરમાત્માની સત્તા જ આખરી સત્તા છે. તેની ઇચ્છા મહાન છે. જીવનમાં બધું જ વ્યક્તિના કર્મ પ્રમાણે બને છે.

શાસ્ત્રીજી ગોધરા હતા ત્યારની લગભગ ૧૯૬૫ના આસપાસના અરસાની આ વાત છે. શાસ્ત્રીજીની ગાયત્રી ઉપાસના પ્રથમથી જ અવિરત ને સઘન રહી છે. આથી ભક્તિનાં ઓજસ તેમના વ્યક્તિત્વમાં પ્રથમથી જ હતા. તેમનું વ્યક્તિત્વ એથી જ આકર્ષક રહ્યું હતું. નોકરીથી ઘેર આવવાના માર્ગમાં એક પરિચિતની દુકાને એક સાધુ ભેટી ગયા. ગામનાં સૌ લોકો તેમનાથી ડરે. સાધુએ શાસ્ત્રીજી સાથે પરિચય કેળવ્યો. પછી તો રોજ તેમને સાથે આવવા જવાનું બનતું. સાધુ પાસે કંઈક શક્તિ હતી. શાસ્ત્રીજીની અંતરની ભક્તિનાં ઓજસ સાધુને શાસ્ત્રીજી ભણી ખેંચતા હતા. ગુરુદેવના કહેવા મુજબ તે સાધુ શાસ્ત્રીજીને પોતાની સાથે લઈ જવા માગતા હતા.

એક દિવસ સાધુએ શાસ્ત્રીજીના ખિસ્સામાંથી પૈસાનું પાકિટ ગુમ કરી દીધું. બજારમાંથી પસાર થતાં શાસ્ત્રીજીને સાધુ માટે ફળો લેવાની ઇચ્છા થઈ. પૈસા આપવા ગજવામાં હાથ નાખ્યો પણ ગજવામાં પાકિટ નહોતું. તેમને એમ કે મેં પેન્ટના પાછલા ખિસ્સામાં મૂક્યું હશે એમ માની (માતાજીનું સ્મરણ કરી) પેન્ટના પાછલા ખિસ્સામાં હાથ નાખ્યો, તો પાકિટ હાથમાં આવી ગયું. ફળોના પૈસા ચૂકવી તેઓએ ચાલવા માંડયું. ફરતાં ફરતાં તેઓ નદીકિનારે પહોંચી ગયા.

સાધુ હંમેશ ગુરુદેવને કહેતા, 'નરેન્દ્ર તેરી પાસ કુછ હૈ?'

ગુરુદેવ જવાબ આપતા, 'મેરી પાસ કુછ નહીં હૈ. મૈં તો સિર્ફ માતાજીકા સ્મરણ કરતા હૂં.'

તે દિવસે પાકિટની ઘટના બન્યા પછી સાધુએ ફરી આ વાત શાસ્ત્રીજી સમક્ષ ઉચ્ચારી. ગુરુદેવે રાબેતા મુજબનો જવાબ આપ્યો. પરન્તુ સાધુને ચેન નહોતું. તેમણે ગુરુદેવને ઘટનાનો ફોડ પાડતાં કહ્યું,

'નરેન્દ્ર, તૂ પૈસા કહાંસે લાયા?'

સાધુના પ્રશ્નથી ગુરુદેવ આશ્ચર્યચકિત થઈ ગયા. તેમણે કહ્યું: 'આપકે સામને હિ તો મૈંને જેબસે નિકાલ.'

'લેકિન પાકિટ તો મૈંને ગુમ કિયા થા. તૂ કહાંસે લાયા?'

'જબ કમીઝકે જેબસે પાકિટ ન મિલા, તો મૈંને પતલૂનકે જેબમેં રખે હોંગે ઐસા શોચકર, માતાજીકા સ્મરણ કરકે મૈંને પતલૂનકે જેબમેં હાથ ડાલા ઔર પાકિટ મિલ ગયા. ફલકા પૈસા દે દિયા.' શાસ્ત્રીજીએ સહજ ભાવે જવાબ આપ્યો.

શાસ્ત્રીજીની ભક્તિની આંતર શક્તિથી સાધુ ખૂબ જ પ્રભાવિત થયા હતા.

પરન્તુ શાસ્ત્રીજીએ તેમને સામે પ્રશ્ન પૂછ્યો, 'તુમને મેરા પાકિટ કયૂં ગુમ કિયા થા?'

'મૈં તુઝે કુછ દિખાના ચાહતા હૂં.' સાધુએ શાસ્ત્રીજીને કહ્યું.

'મુજે કુછ નહિ દેખના.' શાસ્ત્રીજીએ દઢતાથી સહજભાવે જવાબ આપ્યો.

'મૈં તુઝે ચમત્કાર દિખાના ચાહતા હૂં' સાધુએ કહ્યું.

'ચમત્કાર દિખાનેસે શક્તિકા વ્યય ઔર નાશ હોતા હૈ.' શાસ્ત્રીજીએ નમ્ર ભાવે કહ્યું.

નદીના પટમાં બેઠા બેઠા આમ વાર્તાલાપ ચાલી રહ્યો હતો. બેઠા હતા ત્યાંથી જ પટમાંથી થોડીક રેતી હાથમાં લઈ મસળીને મુઠ્ઠી ઉઘાડી રોકડો રૂપિયો શાસ્ત્રીજી સામે ધરી સાધુ એકીટશે જોઈ રહ્યા. શાસ્ત્રીજીએ નિર્લેપ-નિષ્કામનાના તેમના સહજ આંતર આવેગથી સાધુના હાથમાંનો રોકડો રૂપિયો નદીના પટમાં ઘા કરી દૂર દૂર ફેંકી દીધો.

સાધુ હાં હાં...કરતા રહી ગયા. 'નરેન્દ્ર, યે તૂને કયા કિયા? મૈં તુજે ચમત્કાર દિખાના ચાહતા હૂં ઔર તૂ'...

'મૈંને કઈ બાર આપને કહ દિયા કિ મુજે ચમત્કાર મત દિખાઓ. મુજે કુછ દેખના નહિ હૈ, ફિર ભી આપ.'

'નરેન્દ્ર, તેરી પાસ બહોત કુછ હૈ.' સાધુએ કહ્યું.

'મેરી પાસ કુછ નહિ હૈ. મૈં સિર્ફ માતાજીકા સ્મરણ કરતા હૂં.'

પછી એ સાધુ કદી દેખાયા નહિ.

શાસ્ત્રીજીને વારંવાર કહેતાં આપણે સાંભળ્યા છે કે, 'હું તો માતાજીનો બાળક છું અને બાળક જ રહેવા માગું છું...'

'હું તો માતાજીનો સૈનિક છું. તેમનો હુકમ માથે ચઢાવવાની મારી ફરજ છે. તેમનો હુકમ થાય તેટલું જ કાર્ય મારાથી થઈ શકે એથી વિશેષ નહિ.'

તેમના આ શબ્દોમાં સૈનિક સહજ છટા અને હુકમનો અમલ કરવાની સૈનિકની ફરજ અને શિસ્ત છતાં થયા વિના રહેતાં નથી.

મારું કહેવાનું તાત્પર્ય એ છે કે, ગુરુદેવે શ્રદ્ધા, શરણાગતિ અને શિશુભાવને આત્મસાત્ કર્યાં છે. નિષ્કામ ભાવને કેળવ્યો છે. સંસારમાં રહેવા છતાં સંસારની માયાથી લેપાયા નથી. તેમનું જીવન જળકમળવત્ રહ્યું છે. ગુરુદેવે હંમેશ કોઈ પણ બાબતમાં માતાજીની ઇચ્છાનો જ સ્વીકાર કર્યો છે. તેમના આદેશનું જ પાલન કર્યું છે.

આપણે સૌ જ્યારે શાસ્ત્રીજીના સાન્નિધ્યમાં છીએ, ત્યારે તેમનું માર્ગદર્શન અને આશીર્વાદ આપણને મળે છે. આપણે સૌ આધિ, વ્યાધિ, ઉપાધિગ્રસ્ત છીએ પણ માતાજીની ઇચ્છાનો સ્વીકાર કરવાનો સંકલ્પ કેળવીશું તો આધિ વ્યાધિ ઉપાધિના અગ્નિમાં પણ શીતળતાની અનુભૂતિ કરીશું, જે આપણા અહમ્ પર અવશ્ય પ્રહાર કરશે. અનુભવે જ એ સમજાશે.

શાસ્ત્રીજી આપણને આપણા પ્રશ્નો પરત્વે જે સૂચનો–માર્ગદર્શન આપે છે તેનો આપણે ચુસ્તપણે અમલ કરવો જરૂરી છે. જે વાતની ગુરુદેવ ના કહે તેનો કદી અમલ ન કરવો. જે બાબતમાં ગુરુદેવ સમ્મતિ આપે તેનો આંખ મીંચીને ત્વરાથી અમલ કરી દેવો એ આપણા લાભમાં છે, જે આપણને અહમ્નો ત્યાગ કરવામાં ઉપકારક નીવડશે.

પરન્તુ આ કરવું ખૂબ દુષ્કર છે. સાધુ સાથેના પ્રસંગનું મૂલ્યાંકન કરતાં જણાય છે કે પોતાના ઇષ્ટની ભક્તિ એ મનુષ્યની અંગત બાબત છે. અને એને અંદર ઉતારવાની – અસ્તિત્વમાં ઓગાળવાની જરૂર છે. ભક્તિનો ભાર અને સભાનતા ન હોવાં જોઈએ. ભક્તિ માટે શરણાગતિ ને વિનમ્રતા જરૂરી છે, જે વ્યક્તિના અહંકારને તોડી શકે છે. ચમત્કારોથી વેગળા રહેવું, સસ્તી પ્રસિદ્ધિથી દૂર રહેવું. દરેક વ્યક્તિને કંઇક ને કંઇક પ્રાપ્તિની અપેક્ષા હોય છે એ સ્વાભાવિક છે, પણ એની ઘેલછા ન હોઇ શકે. શાસ્ત્રીજીને કોઈ અપેક્ષા નહોતી તેથી તેમણે ચમત્કાર બતાવવાની સાધુની ઘેલછાને દૂર કરવાનો નમ્ર પ્રયાસ કર્યો. એ તરફ અંગુલિનિર્દેશ કર્યો. રોકડા રૂપિયાને ફેંકી દેવાની ક્રિયા તેમના વ્યક્તિત્વનાં ખમીર ને ખુમારી દર્શાવે છે. વ્યક્તિ જો જીવનમાં આવાં ખમીર ને ખુમારી કેળવે તો કોઈ અનિષ્ટો તેને સ્પર્શી શકતાં નથી. કોઈ પ્રલોભનો ચળાવી શકતાં નથી. વ્યક્તિની ખુમારી અહંકારનો નાશ કરી આંતરચેતનાને પ્રજવલિત કરે છે. આત્મબળને, આંતર શક્તિને જગાડે છે.

□




મા ગાયત્રીની કૃપા

**શ્રી ગણેશ ટ્રેડર્સ**

'ભગવતી'

★

ઉદવાડા–Rs. ૩૯૬૧૮૫

# પૂ. ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં....


ઈ. ૧૯૭૮–૭૯ની આસપાસની આ વાત છે. સૂરત ટેક્ષટાઈલ મિલમાં વ્યક્તિગત મુલાકાતનો કાર્યક્રમ યોજાયો હતો. તે વખતે શાસ્ત્રીજીની મુલાકાતે આવનારને નંબર આપવા ઉપરાંત તેમનાં નામ ને ઠામ પણ નોંધાતાં હતાં.

તે દિવસે મુલાકાતીઓનો ધસારો ખૂબ હતો. નામ–નંબર–નોંધાવેલ મુલાકાતીઓની મુલાકાત પૂરી થઈ ચૂકી હતી. ઘડિયાળનો કાંટો પાંચનો સમય બતાવતો હતો. બહાર હજુયે સો–સવાસો મુલાકાતીઓ ગુરુદેવની મુલાકાત માટે પ્રતીક્ષા કરતાં ઊભાં હતાં.

કાર્યકર્તા ભાઈઓને ગુરુદેવે રૂમમાં બોલાવી પૂછ્યું : 'હજી કેટલા માણસો છે?'

'સો–સવાસો જેટલાં ભાઈ–બહેનો આપની મુલાકાતની પ્રતીક્ષા કરતાં બહાર ઊભાં છે, ગુરુદેવ!' એક કાર્યકર્તા ભાઈએ જવાબ આપ્યો.

પ્રત્યુત્તર સાંભળી ગુરુદેવે એક નજર માતાજીના ફોટા સામે કરી ને પળભર માટે આંખો મીંચી ને પછી ઉઘાડી.



ગુરુદેવે કહ્યું : હું તમામ ભાઈ–બહેનોને મુલાકાત આપીશ. કોઈને કંઈ દુઃખ હોય, કોઈ કેટલી આશાથી આવ્યું હોય, બહારગામથી ગાડીભાડું ખર્ચીને આવ્યા હોય, તેઓ જો મુલાકાત કર્યા વિના પાછાં જાય તો તેમનું ભાડું પણ વ્યર્થ જાય, ફેરો ફોગટ જાય. તે સર્વને મુલાકાત આપ્યા પછી જ હું જમીશ. ભલે ને રાત્રે દસ કેમ ન વાગે! તમે બધા બહાર જાવ ને મુલાકાતીઓની લાઈન કરાવો.' કહી ગુરુદેવ તેમની બેઠકમાં ટટ્ટાર થયા.

એ વેળાના તેમના સ્વરૂપમાંથી દીનદુઃખીઓનાં આંસુ લૂછવાની, હારેલાની હામ બનવાની, નિરાશની આશા બનવાની, પડતાને ટેકો આપવાની, પથભૂલેલાના માર્ગદર્શક બનવાની, કટિબદ્ધતા ને તત્પરતા સ્રવી રહ્યાં હતાં!

જેમણે દીનદુઃખીની સેવા કરવી છે તેમને ભૂખ, થાક, તરસ લાગતાં નથી. દીનદુઃખીઓનાં આંસુ લૂછવામાં જ તેમને તો અનેરો આનન્દ આવે છે. એ જ તેઓનું જીવન ને કાર્ય બન્ને બની રહે છે.

આ એક મહાન તપશ્ચર્યા છે.

શાસ્ત્રીજી એ અર્થમાં એક પ્રખર તપસ્વી છે. તેમણે ઉપાસના ને પૂર્વજન્મનાં કર્મોના પરિપાકરૂપે સાક્ષાત્કાર મેળવ્યો છે એ વાત સાચી પરન્તુ તેમની તપશ્ચર્યા તો એકધારી ચાલુ રહી છે.

કલાકો સુધી એકધારું એક જ આસન પર ટટ્ટાર બેસી રહેવાનું, ભૂખ, થાક, તરસની પરવા નહિ ને વિભિન્ન મુલાકાતીઓની વિવિધ મુશ્કેલીઓ–વાતો સાંભળી સ્વસ્થતાથી સહાનુભૂતિપૂર્વક અન્તરના પ્રેમથી નિઃસ્વાર્થભાવે સૌને સચોટ માર્ગદર્શન આપી આધ્યાત્મિક અભિગમ દર્શાવી, ગાયત્રી–ઉપાસનાનો રાહ ચીંધવો એ ધારીએ તેટલું, જોઈએ છીએ તેટલું, સરળ કાર્ય નથી. સાચે જ એ શાસ્ત્રીજીની મહાનતા છે!

*

ગુરુદેવના સમ્પૂર્ણ શ્રદ્ધા, શરણાગતિ અને માતાજી – પરમતત્ત્વ – સાથે મા–બાળકનો સમ્બન્ધ કેળવવાના આદેશને કેટલાક મુલાકાતીઓ પ્રબળપણે વળગી રહે છે એટલું જ નહિ ગુરુદેવના માર્ગદર્શનનો ચુસ્ત અમલ કરે છે અને પ્રસંગોપાત્ત સર્જાતી રહેતી નાની–મોટી સમસ્યાઓ પરત્વે ગુરુદેવનું માર્ગ-દર્શન મેળવવાનું ચૂકતા નથી, ગુરુદેવનું ધ્યાન દોર્યા વિના રહેતા નથી.

આજે તો છાશવારે ચોરીઓના કિસ્સા બનતા રહે છે. જ્યારે આવા કોઈ ભક્તને ત્યાં ચોરી થવાનો બનાવ બને છે ત્યારે પણ તેઓ ગુરુદેવનું ધ્યાન દોર્યા વિના રહી શકતા નથી. એ માટે ગુરુદેવનું માર્ગદર્શન લીધા વિના રહેતા નથી.

તે દિવસે કુટિરમાં ગુરુદેવના સાન્નિધ્યમાં બેઠા હતા, ત્યાં જ મનસુખકાકાએ કુટિરમાં પ્રવેશ કર્યો. અમારે માટે મનસુખકાકા ચિરપરિચિત હતા. તેમણે ગુરુદેવને પ્રણામ કરી જણાવ્યું કે,

'ગુરુદેવ! અમારું વી. સી. આર. મળી ગયું!'

ગુરુદેવે સ્મિત કરી પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી અને મનોમન જાણે માથું નમાવ્યું હોય તેમ લાગ્યું.

થોડાક મહિના પહેલાંની વાત છે. અમારી સોસાયટીમાંથી કેટલાંક ઘરોમાંથી એક સાથે વી. સી. આર. ચોરાયાનો બનાવ બન્યો. અમે પોલીસમાં ફરિયાદ નોંધાવી. પોલીસે બનતું બધું કરી છૂટવાની ખાતરી આપી.

મેં મનોમન ગુરુદેવ અને માતાજીનું સ્મરણ આદર્યું. અચાનક મને વિચાર સ્ફુર્યો કે ગુરુદેવને આ બનાવની જાણ કરું. ગુરુદેવ સામે નિર્દેશ કરી તેમણે કહ્યું : 'આપણું તો બધું જ તેમનું આપેલું છે. આપણું કશું જ નથી.' મનસુખકાકાએ તેમની લાક્ષણિક મુદ્રામાં કહ્યું. મને જેવો વિચાર આવ્યો કે તરત જ મેં ગુરુદેવને જાણ કરી. ગુરુદેવે મને કહ્યું : 'હું પ્રયત્ન કરીશ.'

આ બાજુ બન્યું એવું કે ચોરી કરનાર વ્યક્તિ વી. સી. આર. ચોરીને વેચવાનો ધંધો કરતો હતો. તેણે ગામથી દૂર એકાંત જગ્યામાં એક ઓરડી બાંધી હતી. તેમાં ચોરાયેલાં વી. સી. આર. રાખતો હતો અને પછી વેચી દેતો હતો. તેની આ ઓરડીની નજીકમાં જ એક ખેતર હતું. આ ખેતરમાં એક રખેવાળ રહેતો હતો. તે આ વ્યક્તિની બધી જ હિલચાલ દરરોજ જોયા કરતો હતો. તેને અહીં કંઈ અજુગતું બની રહ્યું હોવાની શંકા જતાં પોલીસને ખબર આપી. પોલીસને મળેલી માહિતીને આધારે પોલીસે તે જગાએ દરોડો પાડ્યો. વ્યક્તિ મુદ્દામાલ સાથે પકડાઈ ગઈ. પોલીસે તેની પાસેથી વી. સી. આર. જપ્ત કરી લીધું. તપાસ કરતાં જણાયું કે આ વી. સી. આર. અમારું છે. પોલીસે અમને ફોન કરી જાણ કરી અને પોલીસે દર્શાવેલ સ્થળેથી અમને અમારું વી. સી. આર. પાછું મળી ગયું.

મેં તરત જ મનોમન ગુરુદેવનું ને માતાજીનું સ્મરણ આદર્યું ને આજ તેમનાં પ્રત્યક્ષ દર્શન કરવા તેમને જાણ કરવા દોડી આવ્યો.

'આપણે તો શાસ્ત્રીજીને પૂછ્યા વિના કોઈ કામ ન કરીએ હોં.' મનસુખકાકાએ તેમના અન્તરની શ્રદ્ધા પ્રગટ કરતાં કહ્યું.

ગુરુદેવના સાન્નિધ્યમાં ચોરીનો એક બીજો પ્રસંગ પણ જાણવા મળ્યો હતો, જે અત્રે પ્રસ્તુત કરીએ છીએ.

બનાવની વિગત એવી હતી કે, નવરાત્રીના દિવસો હતા. ગિરધરકાકા ડૉ. દંપતી જયન્તભાઈ અને જયાબહેનને લઈને ગુરુદેવની મુલાકાતે આવ્યા હતા. ડૉ. દમ્પતીને ત્યાં ચોરી થઈ હતી. આ ડૉકટર દમ્પતી સાથે તેમના એક નોકર સિવાય ઘરમાં કોઈ રહેતું નહોતું. પોતાની હૉસ્પિટલે જતાં આ દંપતી આખું ઘર નોકરને ભરોસે મૂકીને જતા.

જયાબહેન હમેશાં સોનાની બંગડી અને અછોડો પહેરતા. હૉસ્પિટલથી ઘેર આવી તેઓ દાગીના કાઢી કબાટમાં ન મૂકતાં ટેબલ પર જ મૂકી રાખતાં. કોઈ દિવસ ઘરમાંથી કોઈ ચીજ જતી નહિ. નોકર ખૂબ જ વિશ્વાસુ હતો.

જે કદી નહિ બને તે કોઈક દિવસ અચાનક બની જાય છે.

એક દિવસ જયન્તભાઈ અને જયાબહેન બહાર ગયેલાં. ઘરમાં નોકર એકલો જ હતો. તેની દાનત બગડી કે કોઈક મુશ્કેલીમાં હતો ગમે તેમ પણ જયાબહેનની પાંચ તોલાની સોનાની બંગડી લઈ પેલો વિશ્વાસુ નોકર પોતાના ગામ ભાગી ગયો. ગામમાં જઈ પોતાના ઘેર જયાબહેનની સોનાની બંગડી મૂકી પાછો આવ્યો.

આ બાજુ સોનાની બંગડી ન મળતાં જયાબહેને શોધાશોધ કરી. આખું ઘર ખૂંદી વળ્યાં. પણ બંગડી ન જડી. તેમને એમ કે નોકરે ક્યાંક મૂકી હશે. નોકર ગામથી પાછો આવતાં તેને પૂછપરછ કરી પણ તે કંઈ જાણતો ન હોવાનું તેણે જણાવ્યું.

ગિરધરકાકાને આ ડૉક્ટર દંપતી સાથે ઘણી આત્મીયતા હતી અલકે જયન્તભાઈ ને જયાબહેન માટે ગિરધરકાકા એક વડીલ સમાન હતા. એક દિવસ વાતવાતમાં જયાબહેને ગિરધરકાકાને સોનાની બંગડી ખોવાયાની વાત કરી. ગિરધરકાકાએ જયાબહેનને કહ્યું, 'ચાલો, હું તમને મારા ગુરુદેવ શાસ્ત્રીજી પાસે લઈ જાઉં, તેઓ યોગ્ય રસ્તો બતાવશે.' ડૉક્ટર દમ્પતી ગિરધરકાકાની પ્રત્યેક વાતનો આદરપૂર્વક સ્વીકાર કરતા. તેઓ ગિરધરકાકા સાથે શાસ્ત્રીજીની મુલાકાતે આવી ચઢ્યા.

ડૉકટર દંપતીની શાસ્ત્રીજી સાથે આ પ્રથમ મુલાકાત હતી. નવરાત્રીનો લગભગ ચોથો-પાંચમો દિવસ હતો. જયાબહેને ગુરુદેવને વાત કરી. ગુરુદેવે કહ્યું : 'જુઓ બહેન! અત્યારે નવરાત્ર ચાલે છે એટલે બીજું કશું કહું નહિ. નવરાત્રી પછી તમે આવજો. હું ધ્યાનમાં લઈ જણાવીશ.' પણ જયાબહેનને ધરપત ન થઈ. તેમણે ગુરુદેવને કહ્યું : 'તો તમે કશુંક આપો'......

ગુરુદેવે પાસેની ટ્રિપોય પર પડેલાં પુષ્પોમાંથી ગુલાબનું એક ફૂલ દમ્પતીને આપ્યું.

નવરાત્ર પૂરા થતા ગુરુદેવે ડૉકટર દમ્પતીની હકીકત ધ્યાનમાં લીધી. ગુરુદેવને જણાયું કે જયા-બહેનની સોનાની બંગડી લેનાર ઘરનો વિશ્વાસુ કહેવાતો નોકર જ છે.

નવરાત્ર પછી ગુરુદેવે મળવા જણાવ્યા મુજબ ડૉકટર દમ્પતી મળવા આવ્યા ત્યારે ગુરુદેવે સ્પષ્ટ જણાવ્યુ કે તમારી બંગડી લેનાર ઘરનો નોકર જ છે.

ડૉકટર દમ્પતી મુઝાયાં. જો કે તેઓ ખૂબ સમ્પન્ન હતાં પણ ઘરના વિશ્વાસુ નોકરની આવી ધાપથી તેઓ થોડા ખિન્ન બન્યાં હતાં.

ગુરુદેવે કહ્યું, 'હું પ્રયત્ન કરીશ.'

ડૉકટર દમ્પતીએ શરૂ કરેલી ગાયત્રી ઉપાસનાથી ઘરનો એ નોકર પણ રંગાયો હતો. તેથી ગાયત્રી માતાની પ્રસાદી લેખાવી તે દિવસે ગુરુદેવે આપેલું ગુલાબનું પુષ્પ તેમણે નોકરને આપ્યું, જેના સ્પર્શથી —આંદોલનથી તેની મતિ ફરવાય ને સોનાની બંગડી પાછી લાવી આપી દે.

વળી ગુરુદેવે જણાવ્યું હતું કે, 'એની સામે બીજાં કોઈ પગલાં લેશો નહિ. શું થાય છે, તે શું કરે છે તે જોયા કરજો.' તદનુસાર જયન્તભાઈ ને જયાબહેન તે નોકર પર ચાંપતી નજર રાખતા હતાં પણ તેને કશું કહેતા નહિ.

થોડાક દિવસો પછી નોકરે કહ્યું. 'મને પાંચસો રૂપિયા આપો. મારે મારા ગામ જવું છે.' જયન્તભાઈએ આનાકાની વિના પાંચસો રૂપિયા આપી દીધા.

બે-ચાર દિવસમાં નોકર સોનાની બંગડી લઈ ડૉકટરને ઘેર પાછો ફર્યો. તે પાછો આવ્યો ત્યારે ઘરમાં જયન્તભાઈ એકલા જ હતા. જયાબહેન કંઈક કામ માટે બહાર ગયાં હતાં.

જયાબહેનનો કડક સ્વભાવ નોકર જાણતો હતો. અત્યારે જયાબહેનની ગેરહાજરી જાણી તેણે જયન્તભાઈને કહ્યું, 'સાહેબ, મારે તમારી સાથે થોડી વાત કરવી છે.'

'હા, હા, બોલ શું છે?' જયન્તભાઈએ કહ્યું.

જયન્તભાઈ પાસે તે બેસી પડયો અને ડૂસકે ડૂસકે રડવા લાગ્યો. તેણે જયન્તભાઈના ખોળામાં જયાબહેનની બંગડી મૂકી દીધી. તેણે કે કહ્યું, 'સાહેબ લો આ તમારી બંગડી. મેં જ લઈ લીધી હતી. મને માફ કરો.' જયન્તભાઈએ બંગડીઓ હાથમાં લીધી. નોકરને શાંત પાડયો.

રોજ જુદી જુદી બંગડીઓ બદલતાં જયાબહેનની કઈ બંગડીઓ ચોરાઈ હતી તેનો કોઈ ખાસ ખ્યાલ જયન્તભાઈને નહોતો તેથી તેમણે નોકરને કહ્યું, 'હમણાં તું બેસ. તારાં શેઠાણી આવે પછી વાત.'

ખાસ્સી વાર પછી જયાબહેન ઘેર પાછાં ફર્યાં ત્યારે જયન્તભાઈએ જયાબહેનને સૌ પ્રથમ ઓરડામાં બોલાવી બધી વાત કરી ને બંગડી બતાવી જયાબહેને બંગડી ઓળખી લીધી.

નોકર હવે નોકરી છોડી જઈ રહ્યો હતો. ડૉકટર દંપતીએ તેને ઠપકો ન આપ્યો. તેને પ્રેમપૂર્વક શિખામણ આપી કે, 'હવે તું જ્યાં જાય ત્યાં આવી ચોરી ન કરીશ પ્રમાણિકતાથી નોકરી કરજે.' સાથે અઢીસો રૂપિયા ને એક જોડ કપડાં આપી નોકરને વિદાય કર્યો.

તેમણે ગુરુદેવને બંગડી મળ્યાના સમાચારની જાણ કરી ત્યારે ગુરુદેવે સર્વસામાન્ય સૂચના આપી કે ઘરમાં દરેક ચીજવસ્તુઓ ખાસ કરીને કિંમતી દાગીના-ઘરેણાં યોગ્ય જગાએ વ્યવસ્થિત મુકાવાં જ જોઈએ. ગમે તેવા વિશ્વાસુ નોકર પર પણ ચાંપતી નજર રહેવી, ધ્યાન રાખવું જરૂરી છે. ઘરમાં વ્યક્તિની અંગત દેખરેખ તો હોવી જ જોઈએ.

□


**M. N. CHAMPANERIA**
B. E. Civil (HONS), A. M. I. E. (INDIA)

# JANAK ENTERPRISE
1/29, NAVJIVAN CO-OPERATIVE HOUSING SOCIETY,
LAMINGTON ROAD, BOMBAY-400 008

# એ આગાહી સાચી ઠરી !

મનુષ્યને જ્યારે ઈશ્વરમાં અનુરાગ જાગે છે, તેનું અસ્તિત્વ અનંતને અર્પિત થઈ જવા તત્પર થઈ ઊઠે છે ત્યારે તેની મનોદશામાં ચોક્કસ પ્રકારનું પરિવર્તન આવે છે. તે અન્તર્મુખી થતો જતો હોવાને કારણે બાહ્ય જગત પ્રત્યે ઉદાસીન બની જાય છે. તે સંસારમાં રહેતો હોવા છતાં સંસારથી વિમુખ બની જાય છે. કોઈ પણ સાંસારિક ગૃહકાર્યો કરવા પ્રત્યે તે ઉદાસીન બની જાય છે. આથી સમાજમાં તે નફિકરા સ્વભાવના માણસ તરીકે પણ ઓળખાય છે. કેટલીક વાર તે ઘર ને સમાજની નારાજગી પણ વહોરી લે છે. તેને માટે ક્યારેક અણગમો પણ પેદા થાય છે તો ક્યારેક તે વ્યક્તિને કોઈનો ઠપકો પણ સાંભળવો પડે છે. ઈશ્વરના અનુરાગમાં ડૂબેલા માણસની મનોદશાનું આ પરિણામ બની જાય છે.

ઈશ્વર પ્રત્યેનો માનવીનો પ્રબળ અનુરાગ કદી અછતો રહેતો નથી. એ ઉત્કટ અનુરાગ ને ચૈતસિક અનુસંધાનને કારણે જ ક્યારેક તે કોઈ પદાર્થ, પાત્ર કે પરિસ્થિતિ પરત્વે તેને આંતરસ્ફુરણા જાગે છે, સંકેતો મળે છે એને એકદમ વ્યક્ત નથી કરી શકાતા. એને અંદર ને અંદર ઊતારી દેવા પડે છે. વળી એ સંકેતો એકદમ વ્યક્ત કરી દેવામાં પણ ઔચિત્ય નથી. શક્ય છે કે એને કોઈ કદાચ અવળી રીતે પણ મૂલવે !

જગત અને સંસાર પ્રત્યે ઉદાસીનતા આવવા છતાં પણ ફરજ ને જવાબદારીની રુએ માણસને મન સાથે સમાધાન કરી અનેક નાનાં મોટાં કાર્યો કરવાં પડે છે. પણ એથી કંઈ મનની પરમતત્ત્વ તરફની ગતિ અવરોધાતી નથી. એ ગતિનો વેગ તો પ્રબળ બનતો જ જાય છે. એમાંથી કોઈ એક વ્યક્તિ કે કુટુંબના હિતમાં માનવીને શુભ સંકેત સાંપડી જાય છે.

આવી જ મનોદશાને–પરિસ્થિતિને વ્યક્ત કરતા શાસ્ત્રીજીના જીવનનો એક પ્રસંગ અત્રે આલેખ્યો છે.

તે વખતના નરેન્દ્રભાઈના નફિકરા સ્વભાવ માટે ઘરના તમામને અણગમો હતો. ઘરના કોઈ કામમાં એ કોઈ રીતે મદદગાર નીવડતા નહિ. કુટુંબ વસ્તારી હતું, તેથી રોજરોજ કંઈ ને કંઈ કામ સંસાર વ્યવહારની બાબતે રહેતું, પણ નરેન્દ્રભાઈ કદી એમાં પોતાનો ફાળો આપતા નહિ. જો એમનો સ્વભાવ ધર્મપરાયણ ન હોત અને ધર્મધ્યાનને કારણે આસપાસના સમાજમાં એમને પ્રતિષ્ઠા સાંપડી ન રહી હોત તો ઘરના સભ્યો રોજ જરૂર એમનો ઉધડો જ લેતા હોત. કારણ નાનું મોટું કોઈ પણ કામ કરવા નરેન્દ્રભાઈ તૈયારી દેખાડતા જ નહિ. બજારમાંથી કંઈ લાવવા મૂકવાનું હોય તો યે એ સ્પષ્ટપણે ના પાડી દેતા. અરે, ઑફિસના રસ્તે પડતી દુકાનમાંથી જ કંઈ લેતા આવવાનું હોય તોય એ ના જ કહેતા અને 'ના' કહેતાં તેમના મોં પર એવી વેદના ઊભરાઈ આવતી કે ઘરનાં માણસોને પછી એની ઝાઝી લપમાં ઊતરવાનું ગમતું નહિ. આમ છતાં સૌને એક વાતનું અચરજ તો હતું જ કે પારકા કામ માટે દોડીને પહોંચનારા નરેન્દ્રભાઈ ઘરના કામમાં કેમ આનાકાની કરતા હતા, અને ખરીદીના કામમાં તો એ સમૂળગી જ ના પાડી દેતા !

નરેન્દ્રભાઈનાં મુખ્ય બે જ કામ : નિષ્ઠાપૂર્વકની નોકરી અને બીજું ધર્મધ્યાન. ગાયત્રીના ઉપાસક નરેન્દ્રભાઈ વહેલી સવારથી જ પૂજાપાઠમાં લાગી જતા. સાંજે ઑફિસેથી ઘેર આવ્યા પછી પણ સામાન્ય

રીતે ધાર્મિક વાચનનો જ કાર્યક્રમ રહેતો. અને ત્યાં સુધી લોકોને મળવાનું તેઓ ટાળતા. એનું કારણ ઘણું વિચિત્ર હતું. કારણ વિચિત્ર હતું એટલે જ તેમણે ઘરનાને પણ એની વાત કરી ન હતી. ઘરનાં કારણ જાણતાં નહોતાં તેથી નરેન્દ્રભાઈનું આ અતડાપણું તેઓને અચરજ પ્રેરતું હતું.

એકવાર નરેન્દ્રભાઈને એક કામ સોંપવામાં આવ્યું. ઘરમાં ખુરશીઓ તૂટી ગઈ હતી. એનું સમારકામ કરાવવાનું હતું પણ ઘરમાંથી કોઈને ફુરસદ મળતી નહોતી. એ કામ આખરે નરેન્દ્રભાઈને સોંપવામાં આવ્યું. થોડી આનાકાની કરી નરેન્દ્રભાઈએ એ કામ સ્વીકારી લીધું.

ફર્નિચરની દુકાનોએ એમણે રીપેરિંગ માટે પૂછપરછ ચાલુ કરી, પણ ઘેર આવી ખુરશીઓ રિપેર કરવા કોઈ તૈયારી દેખાડતું નહોતું. નવું ફર્નિચર વેચનારાને જૂના રીપેરિંગમાં રસ નહોતો. છેવટે એક દુકાને એક ભલો દુકાનદાર તૈયાર થયો. એણે એના દીકરાને કહ્યું કે સાહેબનું સરનામું લઈ લે અને તેઓ કહે તે સમયે જઈને બધું જોઈ આવજે ને પછી દિવસ નક્કી કરી હથિયાર લઈને પહોંચી જજે.

છોકરો નોટ–પેન્સિલ લઈ નરેન્દ્રભાઈ પાસે આવ્યો. નરેન્દ્રભાઈ સરનામું બોલે તેમ એ લખ્યે જતો હતો, ત્યારે નરેન્દ્રભાઈના મનમાં કોઈ બીજી જ વાતે ઉપાડો લીધો! યન્ત્રવત્ સરનામું બોલતા મોં સાથે મગજના જ્ઞાનતન્તુઓ જોડાયેલા નહોતા. મગજ તે વેળા ક્યાંક બીજે જ ઊપડી ચૂક્યું હતું. શહેરની સાંકડી ગલીના બપોરનો એ ઉકળાટભર્યો સમયગાળો છોડી નરેન્દ્રભાઈનું ચિત્ત તો ભવિષ્ય-કાળની ભુલભુલામણીમાં અટવાઈ ગયું હતું. સરનામું લખવાનું પૂરું થયું. છોકરો કહે, 'અચ્છા સાહેબ, હું આવી જઈશ.' તેના પિતા પણ કહે, 'બેફિકર રહો સાહેબ, તમારું કામ થઈ જશે...'

પણ નરેન્દ્રભાઈને જાણે એ વાતમાં રસ નહોતો. એ બધું જાણે સાંભળ્યું જ ન હોય તેમ નરેન્દ્રભાઈએ પેલા સુથારને કહ્યું, 'ભાઈ, તમારો આ દીકરો ટૂંક સમયમાં જ પરદેશ જશે.' આ દુકાનદારની એક જમાનામાં જાહોજલાલી હતી. એને પોતાના દીકરાને મજૂરીના ધંધામાં નાખવો જ નહોતો. ભણાવી ગણાવી ઈજનેર બનાવી પરદેશ મોકલવાના જ કોડ હતા. એને પોતાને ખેતી હતી. વળી અનાજનો મોટો ધંધો હતો. સુથારીકામની દુકાન તો માત્ર પેઢી દર પેઢીથી ચાલી આવતી હતી એ જ, બાકી એને એમાં ખાસ કશો રસ નહોતો. પણ અનાજના વેપારમાં પોતાની ગફલત ને ભાગીદારની દગાખોરીથી મોટી ખોટ ગઈ, ખોટ ભરપાઈ કરવા જમીન વેચવી પડી અને છેવટે ગુજરાનનો આધાર એક માત્ર આ બાપીકી પેઢી જ રહી, પણ મહેનતુ સ્વભાવને કારણે એણે ધંધો જમાવ્યો તો ખરો જ, પણ એના મનમાં ઊંડે ઊંડે દીકરાને દેશાવર નહિ મોકલી શકયાનું દુઃખ હતું. નરેન્દ્રના શબ્દો જાણે એને દાઝયા ઉપર ડામ જેવા થયું! એણે રંજથી કહ્યું, 'સાહેબ, અમારા જેવા ગરીબ માણસની મશ્કરી શું કામ કરો છો?'

એનું દુઃખ જોઈ નરેન્દ્રભાઈએ ખસિયાણા પડી જઈ કહ્યું, 'મિસ્ત્રી, હું મશ્કરી નથી કરતો. મા ગાયત્રીની પ્રેરણાથી જ મારા મોંમાંથી આ શબ્દો નીકળી ગયા છે. મને ઘણી વાર આવું થાય છે. માણસને જોઉં અને એનો ભૂતકાળ અને ભવિષ્યકાળ મારી આંખ સામે તરવરવા લાગે છે. તમારો દીકરો જરૂર પરદેશ જશે અને તે પણ ઇંગ્લેન્ડ જ જશે એમાં મને શંકા નથી. મા ગાયત્રી મને ખોટી પ્રેરણા કરે નહિ! આમ છતાં, તમને જો દુઃખ થયું હોય તો હું તમારી ક્ષમા માગું છું.'

નરેન્દ્રભાઈના સદ્ભાવભર્યા શબ્દોથી દુકાનદારનું મનદુઃખ ઓછું થયું. તેણે કહ્યું, 'તો સાહેબ, તમારા મોંમાં સાકર. મારો દીકરો દેશાવર જાય, એથી રૂડું બીજું શું? મારા વતી ગાયત્રી માતાને પ્રાર્થના કરજો કે તમારી શુભેચ્છા ફળે એવી આશિષ આપે.'

નરેન્દ્રભાઈએ રજા લીધી.

મિસ્ત્રીનો છોકરો નિયત સમયે આવીને ખુરશીઓ રિપેર કરી ગયો. કામ સરસ થયું હતુ એટલે ઘરનાં પણ ખુશ થયાં. તેને પૂરેપૂરી મજૂરી પણ ચૂકવવામાં આવી.

ત્રણેક મહિના પછી એ જ છોકરો હાથમાં પડીકું લઈ નરેન્દ્રભાઈને ત્યાં આવ્યો. કહે, 'સાહેબ, આ સાકર...આપની વાત સાચી પડી છે. હું આવતે મહિને ઇંગ્લેન્ડ જાઉં છું.' નરેન્દ્રભાઈ તેને માતાજીના રૂમમાં લઈ ગયા. અને કહ્યું, 'મને વિગતે બધી વાત કર.' છોકરાએ કહ્યું 'સાહેબ મારો ફોઈ નો દીકરો લંડનમાં છે. ત્યાં એણે ફર્નિચરની દુકાન કરી છે. એણે મને ત્યાં તેડાવ્યો છે. ખર્ચો બધો એ આપશે અને પાસપોર્ટ વગેરેની વ્યવસ્થા પણ એણે કરી દીધી છે.'

નરેન્દ્રભાઈએ એનો ખભો થાબડી એને વિદાય આપી અને મા ગાયત્રીનું ધ્યાન ધર્યું.

નરેન્દ્રભાઈની પેલી અકળામણ, ઉદાસીનતા, નફિકરાઈનું કારણ આ પ્રકારની વિલક્ષણ અનુભૂતિ હતી. કોઈને જોતાંવેંત તેને વિશે કંઈ ને કંઈ તેમને સૂઝી આવતું. કોઈ ચીજ ખરીદી કરતી વખતે દુકાનદારને હવે થોડા વખતમાં જ ખોટ જશે એવી લાગણી એમને થઈ આવતી અથવા તો દુકાનદાર ટૂંક સમયમાં ધંધો બદલશે એવું તેમના મનમાં થતું. પણ આ બધું કહેવાનું કાંઈ એને વ્યાજબી લાગતું નહિ અને નહિ કહેવાથી પણ એક પ્રકારની વિચિત્ર અકળામણ પણ એને થતી. જે કોઈ માણસ એને મળે એને વિશે આવું બધું એમને લાગવા માંડતું. એ જીરવવાનું મુશ્કેલ બની જતું, ને તેથી એ બને ત્યાં સુધી લોકોને મળવાનું જ ટાળતા હતા. ઘરનાં કામકાજ ટાળતાં હતાં. ઘરનાં કામકાજ ટાળવા પાછળ પણ આ જ કારણ હતું. પણ એ કારણની સ્પષ્ટતાપૂર્વકની ચર્ચા કરવાનું તેમને યોગ્ય લાગતું નહિ, પરિણામે ઘરનાં માણસોને તેમની ઉદાસીનતા વિશે સતત અચરજ રહ્યા કરતું હતું.

□


શુભેચ્છા સહિત :

☎ ઘર : ૩૬૫૦૫
ફેક્ટરી : ૪૨૧૫૪

ડૉ. જયંત વાડીલાલ ગીલીટવાલા

દરેક જાતનો જરી કસબ ગીલીટ કરનાર

ડૉકટર જયંત ફેબ્રીકસ

હેવી ડ્રેસ મટીરીયલ્સ પોલીસ્ટર

: ફેકટરી :
પ્લોટ નં. ૧૩/૧, ખટોદરા
ઉધના રોડ, સૂરત

: રહેઠાણ :
૯/૫૬૮ કોટસફીલ રોડ,
સૂરત-૧

# અભય : દૈવી સંપત

શાસ્ત્રીજી

શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને અભયને દૈવી સંપત તરીકે ઓળખાવ્યો છે. એનો પરિચય મેળવવો ઉચિત લેખાશે.

અભય એટલે ભયનો સમ્પૂર્ણ અભાવ. અભયમાં ભયને સ્થાન જ નથી. અભયમાં ભયની સમ્પૂર્ણ ગેરહાજરી છે. તેમ જ તેને ક્યારેય પ્રવૃત્ત થવાની, કાર્યશીલ બનવાની સંભાવના જ નથી. એટલે અભયને ભગવાને દૈવી સંપત ગણાવ્યો છે.

અભય સ્વયંભૂ છે. મનુષ્યના મનમાં-અસ્તિત્વમાં તે આપોઆપ જ ઉદ્‌ભવે છે. સમય ને સ્થળનાં કોઈ બન્ધનો તેને બાળી શકતાં નથી. તેને નામશેષ કરી શકતાં નથી.

અભય એ માનવીના અસ્તિત્વમાં પ્રવર્તી રહેલું સૂક્ષ્મ વલણ છે. મનુષ્યનો સાહજિક અભિગમ છે. સમયના પટ પર તે વિસ્તરતો જ રહે છે. એટલું જ નહિ, નાનાં-મોટાં અનેક કાર્યો કરતો રહે છે. અભયની સિદ્ધિ અનેક છે.

માણસ નિર્ભય બને તે જરૂરી છે, પણ એથી યે વિશેષ તે અભય જ હોય તે વધુ પ્રશંસનીય છે. કારણ અભયમાં ભયની હાજરી જ નથી હોતી. જ્યારે નિર્ભયતામાં કોઈ એક સમયે ભયની હાજરી હોય છે ને પછી ક્રમશઃ તે દૂર થાય છે. પણ ફરી પાછો ભય પેસવાની શક્યતા નકારી શકાતી નથી.

અભય એ માનવીની સાહજિક વૃત્તિ છે, જ્યારે નિર્ભય એ કેળવેલી વૃત્તિ છે. એમાં ભરતી-ઓટ આવવાની સંભાવના અવશ્ય રહે છે.

આપણા ઇતિહાસમાં એવાં અનેક દૃષ્ટાંતો-પ્રસંગો જોવા મળે છે.

ભગવાન મહાવીર નાના હતા ત્યારે એક દિવસ બાગમાં બીજાં બાળકો સાથે રમતા હતા. પીપળાને લક્ષ્ય બનાવી બધા છોકરા દોડવા લાગ્યા પણ વર્ધમાન સૌથી આગળ દોડી ઝાડ ઉપર ચડી ગયા. તેઓ ઝાડ પરથી પાછા ઊતરી રહ્યા હતા ત્યારે તેમણે જોયું કે, એક ભયાનક સાપ થડને વીંટળાઈને ફૂંફાડા મારી રહ્યો હતો. સાપ જોઈને બીજાં બાળકો ગભરાઈ ને ભાગવા લાગ્યાં પણ વર્ધમાન જરા પણ ગભરાયા નહિ. તેમણે સાપને પકડીને દૂર ફેંકી દીધો. આમ ભગવાન મહાવીર બાળપણથી અભય હતા. તેમને નિર્ભય બનવાની સાધના કરવાની જરૂર નહોતી.

નેપોલિયન બોનાપાર્ટે યુરોપ જીતી લીધા પછી રશિયા પર આક્રમણ કર્યું. એવા સૈનિકો યુદ્ધથી કંટાળી ગયા હતા. રશિયાની ઠંડી તેમને અકળાવતી હતી. આથી સૈન્યના ચારેક સેનાપતિઓ ખુલ્લી તલવારો સાથે નેપોલિયનના તંબુમાં ગયા અને એને ધમકી આપી : 'તમે યુદ્ધ બંધ કરો નહિતર તમને અમે જાનથી મારી નાખીશું.'

'દોસ્તો', નેપોલિયને સ્થિર અવાજે જવાબ આપ્યો : 'મને મારી નાખવા માટે તો તમારામાંથી અડધા પણ પૂરતા છે, પણ મને ડરાવવા માટે તમે છો એનાથી ત્રણ ગણા પણ સમર્થ નથી.' નેપોલિયનની આ વૃત્તિને 'અભય'ના નામે ઓળખીશું તો ઉચિત લાગશે.

અભયવાળો માણસ કોઈની ધાકધમકીને કદી વશ થતો નથી કે તે કોઈ ને ધાકધમકી પણ આપતો

નથી. તે પોતાના માર્ગમાં – પોતાના કાર્યમાં આગળ ને આગળ વધ્યે જ જાય છે. તે પોતાના ધ્યેય માટે સ્પષ્ટ અને મક્કમ છે. લક્ષ્ય માટે નિશ્ચયી અને નિર્ધારિત છે.

માણસની સ્પષ્ટ વિચારસરણીમાંથી અભય જન્મે છે. તેની સાચકલાઈમાંથી અભય જન્મે છે. અભયને સચ્ચાઈ સાથે, નીતિ, પ્રમાણિકતા ને સાત્ત્વિકતા સાથે પૂરો સમ્બન્ધ છે. એ વિના માણસ અભય ન હોઈ શકે. એવો માણસ જીવનનાં સતત પ્રગતિ કરતો રહે છે. કારણ તે નીતિ, પ્રમાણિકતા ને સાત્ત્વિકતાથી જીવતો હોવાને કારણે, કાર્ય કરતો હોવાને કારણે, ઈશ્વરની પ્રેરણા અને શક્તિ સદાય તેની સાથે જ હોય છે. તેનામાં દંભ નથી હોતો. તે એકદમ નિખાલસ હોય છે. તેને સમાજની ટીકાનો, પ્રતિષ્ઠા ગુમાવવાનો કે બેઆબરુ થવાનો ભય નથી રહેતો. કારણ પોતે સન્માર્ગે પ્રગતિ કરે છે, પ્રયાણ કરે છે. આમ અભયની સાથે સાથે માનવીમાં અનેક સદ્‌ગુણો આવે છે. સદ્‌ગુણોથી ઓપતો માણસ તેજસ્વી ને આકર્ષક લાગે છે. તે કોઈ અનિષ્ટમાં ફસાતો નથી તેમ જ કોઈ અનિષ્ટ તેની સામે થવા હિંમત કરતું નથી.

આપણામાં કહેવત છે કે 'હિંમતે મર્દા તો મદદે ખુદા.' – જે માણસ હિંમત રાખે છે તેને ઈશ્વર સહાય કરે છે. જીવનની અમુક પળોમાં આપણે ઘણાને કહીએ છીએ કે હિંમત રાખજે. આમ હિંમત એટલે અભય. જે અભય છે તે જ હિંમત રાખી શકે છે. કાયરતા માનવીને અવળે માર્ગે ચડાવી નાસીપાસ કરી દે છે.

આમ અભય એ જીવનનું ધારક, પ્રેરક ને ચાલક બળ બની શકે છે. જીવનમાં ઘણી વાર એવા પ્રસંગો બને છે કે આપણી પડખે કોઈ જ ઊભું રહેતું નથી. જીવનમાં કટોકટીની એવી ઘણી યે પળો આવે છે કે જ્યાં તાકીદે નિર્ણય લેવાની જરૂર પડે છે. માણસ અભય હોય તો જ મક્કમતાથી મહત્ત્વના નિર્ણયો લઈ શકે છે – કરી શકે છે. અને જીવનના પ્રવાહને વેગ આપી શકે છે. જીવનમાં આવી નિર્ણાયક પળો ઘણી આવે છે, જ્યાં અભય આપણું ધાર્યું કામ પાર પાડી શકે છે, માર્ગદર્શન પણ આપી છે, ઉકેલ પણ દર્શાવી શકે છે. માનવજીવનની ઘણી સમસ્યાઓનો ઉકેલ અભય જ છે.

અભય માનવજીવનમાં ખમીર અને ખુમારી બન્ને પ્રેરી શકે છે. જીવનની મુસીબતો સામે ઝઝૂમવાની તાકાત અને હિંમત અભયમાંથી જ મળી શકે છે.

માત્ર ભૌતિકતાની દૃષ્ટિએ જ નહિ, પણ આધ્યાત્મિકતાની દૃષ્ટિએ પણ અભય આવશ્યક ને ઉપકારક બની શકે છે. ઘોર જંગલમાં જઈ, ગુફામાં બેસી અલખની આરાધના કરનાર ઋષિમુનિઓમાં અભય પારાવાર છલકાતો હતો. કુદરતી આપત્તિઓ અને હિંસક પ્રાણીઓની વચમાં કુટિર – ઝૂંપડી કે આશ્રમ બનાવી રહેતા ઋષિમુનિઓ તેમની તપશ્ચર્યામાં અડગ રહેતા હતા.

મુમુક્ષુ ઉપાસકોને માટે તો અભય વિશેષ જરૂરી છે. ઉપાસનામાં આગળ વધતાં જે અનુભવો થાય છે, જે કૃપા પ્રાપ્ત થાય છે, તેને જીરવવા, ઝીલવા પણ ઉપાસક માટે અભય જરૂરી છે. કારણ કેટલાક અનુભવો તો બિહામણા પણ હોય છે. પરમતત્ત્વ જે પ્રકાશ લઈને સન્મુખ આવે છે તેની પ્રબળતાને ઝીલવા–જીરવવાનું સામાન્ય માણસનું–ઉપાસકનું ગજું નથી હોતું. એવો એનો તાપ હોય છે. એ એક સુદીર્ઘ સાધના માગી લે છે. અનુભવશૂન્ય, કૃપાહીન ઉપાસનાને ચાલુ રાખવા માટે પણ અભય જરૂરી છે. કારણ ઉપાસકનું ધ્યેય માત્ર ઉપાસના જ હોય છે.

મનુષ્યને સૌથી મોટો ડર મૃત્યુનો હોય છે. મોતથી જ ડરવાની – મૃત્યુ પ્રત્યે અભય બનવાની સાધના મનુષ્યે કેળવવાની છે. મનુષ્યે મોતનો ભય દૂર કરવાનો છે. મૃત્યુ નિશ્ચિત છે. ગમે ત્યારે તે આવવાનું જ છે. માતાજીએ મૃત્યુનું રહસ્ય સમજાવતાં કહ્યું જ છે કે મૃત્યુ પછી માનવીની તેનાં કર્મો પ્રમાણે ગતિ નક્કી થાય છે, જન્મ મળે છે કે મોક્ષ મળે છે. મનુષ્યે મોક્ષ મેળવવા કે સારી–મનુષ્ય યોનિ–માં જન્મ મેળવવા સતકર્મનો આશ્રય લેવાનો છે. એટલું જ નહિ, કોઈ પણ ભોગે તેને વળગી રહેવાનું છે. ને એ રીતે પરમતત્ત્વની પ્રાપ્તિના લક્ષ્યને પામવાનું છે. સત્કર્મનો આશ્રિત સ્વાભાવિકપણે જ અભય હોય છે.

જીવન અને સંસારમાં જળકમળવત્ રહેવાથી, નિર્લેપ–નિરપેક્ષ ભાવના કેળવવાથી, આસક્તિરહિત બનવાથી મનુષ્ય અભય બની શકે છે અથવા એમ કહો કે જે અભય છે તેનામાં જળકમળવત્ વૃત્તિ આપોઆપ જ આવે છે. અન્યથા સંસારની માયા, સમ્બન્ધોની પળોજણ – આટાપાટા, મોહ, મમતા, આસક્તિ ને સ્વાર્થ મનુષ્યને પ્રસંગોપાત્ત અનેકવિધ રીતે ભયભીત બનાવતાં રહે છે. સંસાર પ્રત્યે જે નિર્લેપ છે તે જ અભય હોય છે. જે અભય છે તે ઉપાસના કરી પરમતત્ત્વને પામી શકે છે.

□

પૂ. ગુરુદેવના આશીર્વાદની અભ્યર્થના સહિત

**આરતી ટ્રેડર્સ**

જનરલ મરચન્ટ

'ભગવતી'

ઉદવાડા – Rs. ૩૯૬૧૮૫

શ્રી ગાયત્રી માતાજીની કૃપા અને પૂજ્ય ગુરુદેવના આશીર્વાદની અભ્યર્થના

—: શ્રી અંબિકા સોપ ફેક્ટરી અને ટી ડેપો :—

—: શ્રી અંબિકા કેમીકલ ઇન્ડસ્ટ્રીઝ :—

—: શ્રી જય અંબે સોપ એન્ડ ટી સેન્ટર (રીટેઈલ વિભાગ) :—

૪/૧૩૩, હરિપરા પીરછડી રોડ, અંબિકાસદન, સુરત–૩

ટેલિફોન નંબર : ૨૩૯૪૮, ૩૮૬૪૧

"ડીટરજન્ટ સાબુ તથા વોશીંગ પાવડરના ઉત્પાદક"

# કર્મમાર્ગના પ્રવાસીને

**શાસ્ત્રીજી**

પરમતત્ત્વને પામવાના માર્ગોમાં કર્મ માર્ગનો સમાવેશ થાય છે તે આપણે સૌ જાણીએ છીએ. કર્મ દ્વારા પ્રભુને કઈ રીતે પામી શકાય તે પ્રશ્ન સહેજે ઉદ્ભવે છે. આપણે તેને સમજવાનો પ્રયાસ કરીએ.

પરમતત્ત્વને પામવા માટેનું કર્મ તે કયું ? આપણે કહીએ છીએ કે જનસેવા એ જ પ્રભુસેવા. દુઃખીના દિલને દિલાસો આપવો કે દીન જનોનાં આંસુ લૂછી તેને સાંત્વન આપવું તે ઈશ્વરને રાજી કરવા બરાબર છે. અર્થાત્ પરમતત્ત્વને પામવા માટેનું કર્મ તે એવું કર્મ કે જેનાથી ઈશ્વર પ્રસન્ન થાય, ઈશ્વરની કૃપા મનુષ્ય પર ઊતરે.

પ્રભુ પ્રીત્યર્થેનાં કર્મો તે કર્મમાર્ગનો મુખ્ય આધાર છે.

જેમ ભક્તિ માટે શ્રદ્ધા અને શરણાગતિ અને જ્ઞાનપ્રાપ્તિ માટે વિવેક–વિનમ્રતા જરૂરી છે, એ તેની પ્રમુખ આવશ્યક શરતો છે, તેવી રીતે કર્મમાર્ગની પહેલી શરત છે નિષ્કામ ને નિરપેક્ષ ભાવ. ફળની આકાંક્ષાથી રહિત બનીને કર્મ કરવું તે.

શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે : કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન – કર્મમાં જ તારો અધિકાર છે, ફળમાં કદી નહિ.

દીનદુઃખીઓની સેવા દ્વારા, સત્કર્મો દ્વારા મનુષ્યના આત્મિક ગુણોનો વિકાસ થાય છે ને આધ્યાત્મિક ઉન્નતિ થાય છે. માનવીની આંતરચેતનાનો વિસ્તાર થાય છે. જેને ચેતોવિસ્તાર પણ કહેવાય.

કઈ રીતે ?

સત્કર્મ દ્વારા દયા, સહાનુભૂતિ, કરુણા, બીજાને મદદ કરવાની ભાવના, સહૃદયતા, માનવીયતા વગેરે જેવા ગુણો ઉદ્ભવે છે કે ઉદ્ભવેલા એવા ગુણો વિકાસ પામે છે. હકીકતે મેં જે નવ સૂત્રો આપ્યાં છે તેનો ઉદ્ભવ કે વિકાસ થાય છે. માનવીના ભીતરની મલિનતા દૂર થાય છે, તેની ચેતના પરમતત્ત્વ તરફ ગતિ કરે છે ને એમ પરમતત્ત્વની ઝાંખી કે પ્રાપ્તિ કરી શકે છે.

કર્મમાર્ગ દ્વારા માનવીના ગુણોની કસોટી પળે પળે થાય છે. મનુષ્યનાં સત્કર્મો આડે અનેક મુશ્કેલીઓ આવે છે, તેણે અનેક પ્રકારના વિરોધો પણ સહન કરવા પડે છે. એ બધાને પાર કરીને તેણે પોતાના કાર્યની ધારાને અખંડ રાખવી પડે છે. પોતાના કાર્યની ધારા તૂટે નહિ તે માટે તેણે જવાબદારી, સજાગતા, સાવધતા રાખવી પડે છે. જે તેના આત્મિક અને આધ્યાત્મિક વિકાસમાં સહાયક નીવડે છે.

મનુષ્યના કર્મમાર્ગની આડે અનેકવિધ પ્રલોભનો આવે છે. ષડ્રિપુઓનો શિકાર બનવાનો પણ સંભવ રહે છે. પણ ષડ્રિપુઓ–પ્રલોભનોને વશ ન થતો મનુષ્ય જ કર્મમાર્ગી–કર્મયોગી બની શકે છે.

અહીં મહત્ત્વની વાત એ યાદ રહે કે કર્મમાર્ગના પ્રવાસીએ પણ સૌ પ્રથમ તો પોતાના ઇષ્ટની શ્રદ્ધા ને શરણાગતિપૂર્વક નિત્ય–દૈનિક ઉપાસનાનો ક્રમ પહેલો નક્કી કરવો. ત્યાર બાદ તેના કર્મની ધારાનો પ્રવાહ શરૂ થવો જોઈએ. એ જ કર્મમાર્ગનો મૂળ સ્રોત હોઈ શકે.

પરન્તુ વાત આટલેથી અટકતી નથી. ઉપાસના કરતાં આત્મા સો પરમાત્માની ઉક્તિ પણ યાદ રાખવી જરૂરી છે. જેઓ ઈશ્વરને પ્રેમ કરે છે પણ ઈશ્વરે બનાવેલાં માનવોને, ઈશ્વરને પ્રિય એવા

માનવીય ગુણો-માનવતાને વિસારે પાડે છે તેઓ ન તો સાચા અર્થમાં ઉપાસના કરી શકતા કે ન તો કર્મ કરી શકતા અથવા તો તેમની ઉપાસના કે કર્મનાં સુફળ તેને ચાખવા નથી મળતાં.

કર્મમાર્ગના પ્રવાસીએ માયા, વાસના અને અહંકારનો સદંતર ત્યાગ કરવો જરૂરી છે. કર્તા-પણાનું ભાન તેને.ન હોવું જોઈએ. પ્રત્યેક કર્મ તે ઈશ્વરકૃપાથી, ઈશ્વરેચ્છાથી, ઈશ્વરપ્રીત્યર્થે, ફળની આકાંક્ષા વિના-નિરપેક્ષ ભાવે થવું જોઈએ. તે કર્મ મનુષ્યને બન્ધનકર્તા નીવડતું નથી. માયાથી, વાસનાથી, અહંકારથી પ્રેરાયેલું કર્મ મનુષ્યને અવશ્ય બન્ધનકર્તા નિવડે છે.

તમારા ઓટલા પર એક કૂતરું આવીને રોજ બેસતું હોય ને તમે એને રોટલી-ભાખરી ખાવા આપો તે સહજભાવે અપાવી જોઈએ. માયા, વાસના કે અહંકારથી નહિ. એને માટે મમત્વ ન જાગવું જોઈએ. એક જીવને ખવડાવ્યાનો અહંકાર પણ ન હોવો ઘટે. કારણ ઈશ્વરે જીવમાત્રના રક્ષણની વ્યવસ્થા કરેલી જ છે. તે કીડીને કણ ને હાથીને મણ અવશ્ય આપે છે.

કર્મમાર્ગનું ક્ષેત્ર વિશાળ છે, એ માટે માત્ર માનવીય ગુણોની આવશ્યકતા છે. દરેક મનુષ્ય કર્મ-માર્ગને અનુસરી શકે છે. પોતાની મરજી પ્રમાણે, શક્તિ પ્રમાણે તે કર્મ કરી શકે છે.

કર્મમાર્ગનાં ભયસ્થાનો પણ ઘણાં છે. તે પ્રલોભનોમાં, ફળની આસક્તિમાં સરી પડવાનો પૂરો સંભવ છે. ફળની અપેક્ષા ન રાખવાને કારણે તે પોતાના માર્ગ તરફ, ધ્યેય તરફ ઉદાસીન પણ બની જાય છે. પણ સાચો કર્મયોગી એવી મનોવૃત્તિ કેળવે છે ને પોતાના ધ્યેયને હાંસલ કરે છે. કર્મમાર્ગના પ્રવાસીએ ઉદાસીનતા અને અપેક્ષાથી પર બની કર્મમાર્ગે પ્રવાસ કરવાનો છે.

કર્મ-સેવા સાચા આદર્શથી પ્રેરાઈને થવાં જોઈએ. આદર્શ જેટલો ઉચ્ચ તેટલી કર્મની, એ કર્મ દ્વારા આધ્યાત્મિકતાની-આત્માની ઉન્નતિ વિશેષ.

કર્મમાર્ગના પ્રવાસીએ મન, વચન ને કર્મથી પવિત્ર રહેવું જોઈએ. મનુષ્ય જે પ્રકારનાં સત્કર્મો કરે છે તેવો અભિગમ સૌ પ્રથમ તેણે આત્મસાત્ કરેલો હોવો જરૂરી છે.

આખરે તો આ પણ એક માર્ગ છે. મનુષ્યે કયો માર્ગ અપનાવવો તે તેના રસ, રુચિ, મરજી ને શક્તિ પર અવલંબે છે. માર્ગ તો ગમે તે હોય મનુષ્યે આખરે તો પરમતત્ત્વ તરફ ગતિ કરવાનો, તેને પામવાનો-એક યા અન્ય મિષે પુરુષાર્થ કરવાનો છે. એ પુરુષાર્થ જેટલો સઘન, પ્રારબ્ધ જેટલું સંચિત, તેટલું તેને સારું ફળ મળે. ઇષ્ટની કૃપાની વિશેષ ને સત્વરે અનુભૂતિ થાય.


મા ગાયત્રીની કૃપા અને
પૂ. ગુરુદેવના આશિષ હરહંમેશ
વરસતા રહો એવી નમ્ર વિનંતી સહ
**જમનાદાસ નાગરદાસ મોદી**
જનરલ મરચન્ટ
**'ભગવતી'**
ઉદવાડા – Rs. ૩૯૬૧૮૫ (ડિ. વલસાડ)



# અધ્યાત્મની પગદંડી

ડૉ. કાન્તિલાલ કાલાણી

જ્ઞાનની જેમ ભક્તિ પણ અનન્ત છે. એ જેટલી કરીએ તેટલી ઓછી પડે છે. બ્રહ્માંડનો જેમ છેડો નથી તેમ ભાવજગતનો પણ અન્ત નથી. તે નિત્ય-નિરંતર વિકસતું અને વિસ્તરતું રહે છે. સરિતા જેમ મહાસાગરમાં ભળી જાય છે તેમ ભક્તની ચેતના મહાચેતના સાથે એકરૂપ થઈ જાય છે. જેમાં આપણું કંઈક બચે, જળવાઈ રહે તે ભક્તિ. ભક્તિમાં આપણે જેને આપણું પોતાનું કહીએ છીએ તે સર્વસ્વ હોડમાં મૂકવું પડે છે. આપણા અહંનો અને મમત્વનો લોપ થાય અને ભગવત્ તત્ત્વનો જ મહિમા થાય તે ભક્તિ છે.

વૃક્ષનો જન્મ થાય છે ત્યારે બીજ બચે છે ખરું ? બીજ પછી જ કૂંપળ ફૂટે છે, તેમ પરમતત્ત્વનું અનુસન્ધાન થતાં આપણા અહંકારનું બીજ તૂટી જાય છે. એ તૂટે નહીં ત્યાં સુધી પરમાત્મારૂપી વૃક્ષ ઊગતું નથી. એટલે તો અનુભવી ભક્તો કહે છે કે ભક્તિનું મોટામાં મોટું કાર્ય અહંકારને ઓગાળવાનું છે. ભક્તિ વેળા નેત્રોમાં અશ્રુ વહે છે અને એ અશ્રુના પ્રવાહમાં અહંકાર તણાવા લાગે છે અને છેવટે ભક્ત નિરહંકારી બની જાય છે. તે સુખદુઃખમાં સમાન ભાવે વર્તે છે.

ભક્તો કોઈ પણ સ્થિતિમાં આનન્દમાં રહે છે. એને બહારના જગત સાથે દેહ પૂરતી નિસબત હોય છે. એનું અંદરનું જગત તો અખિલાઈથી આનન્દલીલા સાથે જોડાઈ ગયું હોય છે. ભગવદ્ગીતા કહે છે તેમ—

યો ન હૃષ્યતિ ન દ્વેષ્ટિ ન શોચતિ ન કાંક્ષતિ ।
શુભાશુભ પરિત્યાગી ભક્તિમાન્યઃ સ મે પ્રિયઃ ॥ ૧૨–૧૭ ॥

જે હર્ષ પામતો નથી, જે દ્વેષ કરતો નથી જે ચિંતા કરતો નથી, જે આશાઓ નથી બાંધતો, જે શુભાશુભનો ત્યાગ કરનારો છે, તે ભક્તિપરાયણ મને પ્રિય છે.

ભક્ત શત્રુ-મિત્ર, માન – અપમાન, ટાઢ-તડકો, સુખ-દુઃખ એ બધાં પ્રત્યે સમતાવાન હોય છે. એ નિન્દા અને સ્તુતિમાં ભેદ કરતો નથી. પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમ રાખનારો, દયાવાન, ક્ષમાવાન, સદા ય સન્તોષી, ઉદ્વેગથી મુક્ત અને દૃઢ નિશ્ચયવાળો હોય છે. આ માટે એને ભવ્ય પુરુષાર્થ કરવો પડે છે એવું નથી. મીઠાની પૂતળી સાગરમાં ઓગળતી જાય છે તેમ ભક્ત પરમતત્ત્વમાં ઓગળતો જાય છે.

ભક્તિનાં મૂળ ઊંડાં જતાં જાય છે, અણુએ અણુમાં ભક્તિરસનું પ્રસારણ થવા માંડે છે તેમ ભક્તનું અંદરનું જગત પલટાવા માંડે છે. દિનપ્રતિદિન એનામાં દીનતાનો, નમ્રતાનો ભાવ વૃદ્ધિ પામતો જાય છે. એને પરાજયનો પણ અનુભવ થતો નથી. કારણ કે અહીં જીત મેળવવાનો એણે કદી વિચાર કર્યો નથી. એને સંસારમાં વિજય મેળવવાનો નથી. એટલે તે સંસારની ગડમથલમાં રસ લેતો નથી. એના અન્તઃકરણમાં સ્પષ્ટ થઈ ગયું છે કે વિષયત્યાગ, અનાસક્તિ અને પરમાત્માની નિરંતર સ્મૃતિથી ભક્તિના પાતાળ પાયા નંખાય છે એટલે તો સ્વના વિસ્મરણને અન્તે પરમાત્માના નિત્ય સ્મરણને ખરી ભક્તિ કહી છે.

જે ભગવાનને ખેંચી લાવે તે ભક્ત છે. રાધા શ્રીકૃષ્ણની પરમ ભક્ત હતી, રૂક્મણિ નહિ, કારણ કે રૂક્મણિ શ્રીકૃષ્ણને પતિ માનતી હતી, જ્યારે રાધા તેમને ભગવાન માનતી હતી. ખૂબી એ થઈ કે

શ્રીકૃષ્ણ સાથે તેમની પત્ની રૂકમણિનું નામ ન જોડાયું, પણ પરમ ભક્ત રાધાનું નામ જોડાયું. રાધાએ પોતાનું સર્વસ્વ ભગવાનને ઓળઘોળ કર્યું હતું.

રાધાનું સ્મરણ થતાં પ્રેમને ભક્તિ સાથે સીધો સંબંધ છે તેવો વિચાર સહેજે આવી જાય છે. ભક્તિની અવલમંઝિલે પહોંચવા પ્રેમ સીડીની ગરજ સારે છે. એટલે સાચો ભક્ત પરમતત્ત્વને પ્રેમ કરીને અટકી જતો નથી, પણ પ્રેમને અતિક્રમી ભક્તિમાં પદારોપણ કરે છે. એક સન્તે સાચું કહ્યું છે કે પ્રેમ એ પુષ્પ છે તો ભક્તિ એ સુગન્ધ છે.

પ્રેમનું પાતાળ ઝરણું ફૂટે છે, પછી જેના પ્રત્યે પ્રેમ જન્મ્યો હોય તેને આપણે જુદી જ રીતે જોઈએ છીએ. તેવી રીતે પરમાત્મા પ્રત્યે પારાવાર ભક્તિ જન્મે ત્યારે અન્યની જેમ આપણે મૂર્તિને સ્થૂળ મૂર્તિ તરીકે જોતા નથી. આપણી દૃષ્ટિ બદલાઈ જાય છે. વામન સ્વરૂપે મન્દિરમાં વિરાજતી મૂર્તિમાં આપણને વિરાટનાં દર્શન થાય છે.

દૃષ્ટિનું આવું પરિવર્તન એ મનુષ્યજીવનની અસામાન્ય ઘટના છે. લયલા–મજનુનો પ્રસંગ જાણીતો છે. કહે છે કે લયલા સ્વરૂપવાન નહોતી. દેખાવમાં તે સાધારણ સ્ત્રી જેવી જ સ્ત્રી હતી, પણ મજનુ એની પાછળ પાગલ હતો. લયલાની પ્રાપ્તિ માટે તે પોતાનું સર્વસ્વ હોડમાં મૂકવા તૈયાર હતો. મજનુની ખૂબ જ અસ્વસ્થ સ્થિતિ જોઈને રાજાને થયું કે એનો કાંઈક ઈલાજ કરવો જોઈએ.

રાજાને એમ કે લયલા કરતાં રૂપાળી કન્યાઓ મજનુને બતાવીશું તો મજનુની ઘેલછા ઓછી થઈ જશે. તેણે પોતાના મહેલમાંથી સાતેક જેટલી અતિ સ્વરૂપવાન કન્યાઓ મજનુ પાસે મોકલી અને કહ્યું કે એમાંથી એ કોઈને પણ પસન્દ કરી લે.

રાજાની દૃષ્ટિએ એ બધી કન્યાઓ લયલાઓ કરતાં ઘણી સ્વરૂપવાન હતી. મજનુએ એમાંથી એક પણ કન્યા પસન્દ ન કરી એટલે રાજા વિચારમાં પડી ગયો. એને થયું કે લયલામાં એવું શું છે જે આ કન્યાઓમાં નથી! તેણે મજનુને બોલાવીને પૂછ્યું : લયલા કરતાં સ્વરૂપવાન કન્યાઓ મોકલી તો પણ તેં એકેય પસંદ ન કરી? તારી સૌન્દર્યની ધારણા શું છે? મજનુએ કહ્યું : તમે મોકલાવેલ કન્યાઓ વિશે મારે કાંઈ કહેવાનું નથી પણ લયલાને જોવા માટે મજનુની આંખ જોઈએ તે તમારી પાસે નથી. એટલે મને લયલામાં જે દેખાય છે તે તમને ક્યાંથી દેખાય? એમ ભગવાનને જોવા માટે પણ ભક્તની આંખ જોઈએ.

શ્રી રામકૃષ્ણ પરમહંસ પૂજા કરતી વેળા એટલા તદ્રુપ થઈ જતા કે એમને પોતાના શરીરનું કે સમયનું ભાન રહેતું નહિ. ક્યારેક આખો દિવસ તેમની પૂજા ચાલ્યા કરતી. ન ખાવું, ન પીવું, ન થાક. કોઈ બૂમ પાડી બોલાવે તો પણ સાંભળે નહિ. એટલી નિમગ્નતા. કોઈ ભગવાનનું નામ ઉચ્ચારે તો પણ ભક્ત રામકૃષ્ણ ભાવસમાધિમાં ચાલ્યા જતા. એમની ભક્તિ પ્રાણસભર હતી.

સહરાના રણમાં તરસ લાગી હોય અને પાણી માટે પ્રાણ તરફડતા હોય ત્યારે જે વ્યાકુળતા થાય તેવી વ્યાકુળતા પરમાત્મા માટે જન્મે ત્યારે ભક્તિ પ્રાણવાન બને. આપણે ભાગવત તત્ત્વ માટે ભાગ્યે જ તલસતા હોઈએ છીએ. આપણે ધનને જેટલો પ્રેમ કરીએ છીએ તેટલો પરમાત્માને કરતા નથી. આપણી અંદરનું ચૈતન્ય ચૈતન્યને નહિ પણ જડ એવા ધનને પ્રેમ કરે છે. આપણને ધનના ઢગલા પર બેસી જવાનું, કોઈ સત્તાને વળગી રહેવાનું કે વિષય વાસનાના ખોળામાં બેસી જવાનું ગમે છે. પરિણામે દિનપ્રતિદિન આપણે પ્રાણવાન થવાને બદલે નિષ્પ્રાણ થતા જઈએ છીએ.

□

# સાધનનું સંમાર્જન

શાસ્ત્રીજી

સામાન્ય રીતે વ્યવહારમાં આપણે સાધનને મહત્ત્વ આપતા નથી પણ સાધ્યને – સાધન દ્વારા જે સિદ્ધ કરવાનું છે તેને – મહત્ત્વનું ગણીએ છીએ. આ સાથે વળી કઇ જાતનું કાર્ય સિદ્ધ કરવાનું છે તેને અનુલક્ષીને પણ સાધનને મહત્ત્વનું કે ગૌણ ગણી શકાય છે. એટલે જે તે કાર્યના પરિપ્રેક્ષ્યમાં સાધનનું મહત્ત્વ, તેની શુદ્ધિનો સ્વીકાર કરવો પડે છે.

ડૉક્ટર અસ્તરાથી ઑપરેશન ન કરી શકે. ઑપરેશન કરવા માટે ડૉક્ટરે ચોક્કસ પ્રકારનાં સાધનોનો આશ્રય અવશ્ય લેવો પડે છે. દરજીએ કાપડ વેતરવા માટે કાતર જ લેવી પડે, તે માટે બ્લેડ કે ચપ્પુ ન ચાલી શકે.

વિદ્યાર્થીને ભણવા માટે પાઠ્યપુસ્તક આપવામાં આવે છે. પાઠ્યપુસ્તકનો તલસ્પર્શી ઊંડો અભ્યાસ કરવાથી તેને માટે કોઈ પ્રશ્નો અણઉકેલ્યા રહેતા જ નથી. પણ વિદ્યાર્થી પાઠ્યપુસ્તકને બદલે ગાઈડ વાપરે છે. ગાઈડ પણ એક સાધન તો છે જ. એના ઉપયોગથી પ્રશ્નોના પ્રત્યુત્તરો પણ મળી તો જાય જ છે, પણ અભ્યાસથી જે જ્ઞાન પ્રાપ્ત થાય છે, બુદ્ધિ ખીલે છે તે ગાઈડના અભ્યાસથી કે સેવનથી નથી ખીલતી.

લખવા માટે – ચિત્રો દોરવા માટે પેન એક આવશ્યક સાધન છે. ચિત્રોને રંગીન બનાવવા તેને ચોક્કસ પ્રકારના આકારો આપવા વિવિધ પ્રકારની સ્કેચ પેન–રંગો જરૂરી છે. લોખંડ ટીપવા માટે ઘણની જરૂર છે, તો સોના–ચાંદીનાં ઘરેણાં ઘડવા માટે વળી બીજાં જ સાધનો હોય છે.

આમ જુદા જુદા કાર્યક્ષેત્રમાં જે તે કાર્ય પાર પાડવા માટે તે કાર્યમાં ઉપયોગમાં લેવામાં આવતાં સાધનોની પાત્રતા–યોગ્યતા બલકે શુદ્ધિ હોવી જરૂરી છે.

જીવનના વિકાસ માટે, સફળતાની પ્રાપ્તિ માટે પણ સાધનની યોગ્યતા અને શુદ્ધિનો આગ્રહ જરૂરી બની રહે છે. દા. ત. એક વ્યક્તિને ધનવાન બનવું છે તો ધનપ્રાપ્તિ માટે નીતિ ને પ્રમાણિકતાથી સતત પુરુષાર્થ કરવો જરૂરી છે. અનીતિથી કમાયેલો પૈસો સમય જતાં અનેકવિધ સમસ્યાઓ ઊભી કરે છે. જે માણસના સુખ, શાંતિ, સ્વસ્થતા પર સીધો જ પ્રહાર કરે છે.

આમ સાધ્યને મહત્ત્વનું ગણવા છતાં સાધનને, તેની શુદ્ધિને, તેની યોગ્યતાને ગૌણ ગણવાની મૂર્ખતા ન કરવી જોઈએ.

ભૌતિકજીવનને અનુલક્ષીને સાધન–શુદ્ધિની વિચારણા કરી.

હવે આધ્યાત્મિક ક્ષેત્રે, પરમતત્ત્વની પ્રાપ્તિના પરિપ્રેક્ષ્યમાં સાધનનો, સાધનની શુદ્ધિના મહત્ત્વનો વિચાર કરીએ.

આપણે કહીએ છીએ કે આત્મા સો પરમાત્મા. આત્મા એ જ પરમાત્મા છે અથવા આત્મામાં બેઠેલા પરમાત્માના આપણે દર્શન કરવાનાં છે. આમ આધ્યાત્મિકતાની–પરમતત્ત્વની પ્રાપ્તિ મનુષ્યને પોતાની અંદરથી જ થાય છે. મનુષ્ય પોતાના મન વડે, અન્તઃકરણ વડે આધ્યાત્મિકતાને, પરમતત્ત્વને પામી શકે છે. અર્થાત્ આધ્યાત્મિકતાની – પરમતત્ત્વની પ્રાપ્તિ માટે મનુષ્યનું અન્તઃકરણ, તેનો માંહ્યલો, તેનું મન એક સાધન છે.

આમ તો એને માટે અનેક સાધનો ગણાવ્યાં છે. પરન્તુ અન્તઃકરણ વિના માનવી કશું જ પામી શકતો નથી. તેથી માનવીએ અન્તઃકરણના સાધનને યોગ્ય શુદ્ધ, ને સાત્ત્વિક બનાવવું જરૂરી છે.

આપણા ધર્મગ્રંથોમાં આત્મદર્શન માટે સાધનશુદ્ધિની આવશ્યકતા પર ભાર મૂકવામાં આવ્યો છે.

માણસનું અન્તઃકરણ ભૌતિકજીવનમાં અને ઉપાસનામાં પ્રત્યેક ક્ષણે ઉપયોગમાં આવે છે તેથી તેની શુદ્ધિ ને સાત્ત્વિકતા જરૂરી છે. માણસનું અન્તઃકરણ અનેક રીતે મલિન હોય છે. તેના પર કામ ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરનાં અનેક પડળો જામેલાં હોય છે, જેનાથી તે યોગ્ય વિચારી શકતો નથી, કે આચરી શકતો નથી. તે મોહ ને મમતાથી અસ્થિર ને ચંચળ હોય છે. માણસના અસ્તિત્વને મળેલા અન્તઃકરણ પર જન્મોજન્મના અનેક સત્–અસત્ સંસ્કારો વળગેલા હોય છે, જેને પરિણામે તે અમુક –તમુક પ્રમાણે આચરણ કરવા પ્રેરાય છે. તે જ્ઞાનનો પ્રકાશ પામી શકતો નથી. ભક્તિનો ભાવ અનુભવી શકતો નથી. કદાચ તે પામી કે અનુભવી શકે તો પણ તે લાંબા સમય સુધી ટકતું નથી.

એનું કારણ શું ?

ભૌતિક રીતે વિચારીએ તો મનુષ્ય નીતિ, પ્રામાણિકતા, નિષ્ઠા, સહનશીલતા ને પુરુષાર્થને અવિરત બનાવે તો જીવનમાં સુખ, શાંતિ, સ્વસ્થતા ને આનન્દનો અનુભવ જરૂર થઈ શકે છે. એટલું જ નહિ, ઈશ્વરકૃપાની અનુભૂતિઓનો પણ આરંભ થાય છે. જીવનના સત્–સારા–સત્ય તત્ત્વમાં અભિરુચિ જાગતાં પરમતત્ત્વમાં શ્રદ્ધા ને શરણાગતિ જાગે છે, તેના દ્વારા મનુષ્ય તેની ઉપાસના આદરવા તત્પર બને છે.

મનુષ્યની કેટલીક આહ્લાદક અનુભૂતિઓ જ પરમતત્ત્વની પ્રાપ્તિ માટે, તેની ઉપાસના માટે એક સાધન બની જાય છે.

કઈ રીતે ?

દા. ત. જીવનનું એક મુશ્કેલ કાર્ય પરમતત્ત્વને અન્તઃકરણપૂર્વક પ્રાર્થના કરવાથી પાર પડે છે ત્યારે મનુષ્યને ઘણો આનન્દ થાય છે. પરમતત્ત્વની કૃપાનું, પ્રાર્થનાનું મૂલ્ય તેને સમજાય છે. તેનામાં શ્રદ્ધાના, શરણાગતિનાં નવાં જ અંકુરો ફૂટે છે. મનુષ્ય સાચા અર્થમાં ઈશ્વરાભિમુખ–ઉપાસનાને અભિમુખ બને છે. એથી તેની ઉપાસનાને બળ–વેગ મળે છે. તે પરમતત્ત્વની વધુ ને વધુ નજીક સરતો જાય છે. એમ કરતાં કરતાં તેને પરમતત્ત્વની પ્રાપ્તિ થઈ જ જાય છે તેમ તો નથી કહેતો, કારણ કર્મનાં બન્ધનોમાં–ચક્રમાં માનવી જકડાયેલો છે, ફસાયેલો છે, પણ ઉપાસનાના સાતત્યથી, પરમતત્ત્વની કૃપાથી કર્મનાં બન્ધનો દૂર થતાં જાય છે કે એની તીવ્રતા ઓછી થાય છે. અન્તઃકરણ ધીમે ધીમે સ્વચ્છ બનતું જાય છે અને પરમતત્ત્વની પ્રાપ્તિના માર્ગમાં મનુષ્ય આગળ વધતો જાય છે એમાં શંકા નથી. મારી દૃષ્ટિએ તો શ્રદ્ધા અને શરણાગતિ પણ જીવન ને ઉપાસના બન્નેનાં સાધન જ છે.

પણ વિપરીત પરિસ્થિતિ તો ત્યારે સર્જાય છે કે પરમાત્માની કૃપા મને અવશ્ય આવી મળવાની જ છે, મને તે સહાય કરે જ છે ને કરશે જ એવો દૃઢ વિશ્વાસ, શ્રદ્ધા ને શરણાગતિની અનુભૂતિઓ હોવા છતાં મનુષ્ય તેને આત્મસાત નથી કરી શકતો. આ અનુભૂતિઓને આત્મસાત્ કરવા મનને સ્થિર

કરવાની જરૂર છે. મનની ચંચળતાને દૂર કરવાની આવશ્યકતા છે. કારણ મન સંશયમાં સરી પડે છે. મનનો સંશય મનુષ્યને ચંચળ બનાવે છે. ચંચળતા સાધનશુદ્ધિને અભડાવે છે. તેથી જ તો શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે કે 'સંશયાત્મા વિનશ્યતિ !' માનવીનો સંશય કદી તેને જીવનમાં સ્થિર, સ્વસ્થ, શાંત ને સુખી થવા દેતો નથી. સંશયવાળો મનુષ્ય જીવનમાં ક્યારેય પ્રસ્થાપિત થઈ શકતો નથી. સંશય જીવનનાં મૂળિયાંઓને ઉખેડીને ફેંકી દે છે. માનવ અસ્તિત્વનાં આ બધાં અનિષ્ટો છે. મલિનતાઓ છે. એને વાળી-ઝૂડીને સ્વચ્છ બનાવવાનું છે. માણસનું અસ્તિત્વ જ સ્વયં એક સાધન છે. મનુષ્ય પોતાના અસ્તિત્વ વડે જ તો જીવન, સંસાર ને ઉપાસનાનાં મૂલ્યોને સમજી શકે છે, પામી શકે છે.

આમ જીવન, સંસાર, આધ્યાત્મિકતા ને ઉપાસના જે વડે પામી શકાય છે તે અસ્તિત્વ-અન્તઃકરણની શુદ્ધિનો આગ્રહ એટલા માટે છે કે તે ઉપાસનાને સઘન બનાવવા ઉપરાંત જીવનની સમસ્યાઓને -પ્રશ્નોને ઉકેલવાની દૃષ્ટિ પણ આપે છે. જીવનના પ્રશ્નોને ઉકેલવાની દૃષ્ટિ પ્રાપ્ત થયા પછી ભાગ્યે જ માણસને કોઈ દુઃખ કે અશાન્તિ રહી શકે છે. જીવનની શાંતિ ને સ્વસ્થતા મનુષ્યને સુપેરે ઉપાસનામાં જોડી શકે છે. આમ જીવન ને પરમતત્ત્વની પ્રાપ્તિને લાગેવળગે છે ત્યાં સુધી તેની શુદ્ધિ અનિવાર્ય ને આવશ્યક મને લાગે છે.

□


મા ગાયત્રીની કૃપા અને પૂ. શાસ્ત્રીજીના આશિષ અમ સૌ પર અવિરતપણે વરસતા રહો એવી અભ્યર્થના સહિત

NARENDRA PROCESSING INDUSTRIES

Tele. : Factory : 41177 * Resi. : C/o 42689

33-1, Plot No. 1, Behind Sub-Jail, Khatodra,

SURAT - 395 002

# સમાચાર

* તા. ૧૮–૭–'૮૯ ને મંગળવારના રોજ ગુરુપૂર્ણિમા છે. સવારે ૯ થી સાંજે ૫ વાગ્યા સુધી પૂ. ગુરુદેવ નીચેના સરનામે દર્શન આપશે :
**શ્રી મહેશ્વરી સેવા સમિતિ, મહેશ્વરી ભવન, દિલ્હી દરવાજા બહાર, હાજીપુરા ગાર્ડન અને શાહીબાગ ક્રોસિંગની મધ્યમાં, શાહીબાગ, અમદાવાદ.**
* **તારીખ ચોથી સપ્ટેમ્બરનો 'નીલોષા' પરનો તેમ જ સાતમી સપ્ટેમ્બરનો 'ગુરુદેવના જન્મદિવસ'નો કાર્યક્રમ માતાજીના આદેશ અનુસાર મોકૂફ રાખવામાં આવ્યા છે, તેની સૌએ નોંધ લેવી. તે દિવસોએ રાબેતા મુજબ 'નિલોષા' પર વ્યક્તિગત મુલાકાત અને જીવન જળનો કાર્યક્રમ ચાલુ રહેશે.**
* તા. ૩૦–૯–'૮૯ થી ૯–૧૦–'૮૯ સુધી આસો નવરાત્ર છે. અનુષ્ઠાન કરવા ઇચ્છતાં ઉપાસકોને પૂ. ગુરુદેવે આશીર્વાદ પાઠવ્યા છે.
* તા. ૩૧–૭–'૮૯ થી તા. ૨૧–૮–'૮૯ સુધી ગુરુદેવનો લન્ડનમાં કાર્યક્રમ હોવાથી 'નીલોષા' પર મળી શકશે નહિ. તા. ૨૮–૮–'૮૯થી 'નિલોષા' પર રાબેતા મુજબની મુલાકાત ચાલુ થશે. ઇંગ્લેન્ડના કાર્યક્રમની વધુ માહિતી માટે —
**પ્રદીપ આર. વડેરા, ૪૨, બ્લ્યુ ગેટ્સ રોડ, વ્યૂ માઉન્ટ લીઝ લિસ્ટર**
ફોન નં. ૦૫૩૩ ૩૫૪–૬૧૧ પર સંપર્ક સાધવો.

□

---

★

## "ભગવતી હોસ્પીટલ" અને પ્રસૂતિગૃહ


○ ડૉ. ભરત ગાંધી, (એમ. એસ.), ○ મીના ગાંધી (એડવોકેટ)
નેશનલ હાઈવે – ઉદવાડા – R.S. (જિ. વલસાડ)

---

□ જય ગુરુદેવ — જય ગાયત્રી માતા □

## રમેશભાઈ ડૉક્ટર સિલ્ક મિલ્સ

ખટોદરા — સૂરત — ટે. નં. ૪૨૧૫૪
પૂજ્ય ગુરુદેવના આશીર્વાદ



ગાયત્રી-ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજી

# પૂજ્ય ગુરુદેવની મુલાકાત

* આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત કોઈ પણ વ્યક્તિ, જ્ઞાતિ, જાતિ, સમ્પ્રદાય કે ધર્મનાં બન્ધનો સિવાય વિના મૂલ્યે પૂજ્ય ગુરુદેવની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવી શકે છે. પ્રત્યક્ષ મુલાકાત શક્ય ન બને તો પણ પૂજ્ય ગુરુદેવના આદેશ અનુસાર ગાયત્રી મહામંત્રની ત્રણ માળાને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો.

મુલાકાત સ્થળ : 'નીલોષા' બંગલો, ત્રિમૂર્તિ સોસાયટી,
ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે, ગુલમોર ફ્લેટ્સ પાછળ,
ગુલબાઈનો ટેકરો, અમદાવાદ-૧૫.

સમય : બપોરના ૧૨-૦૦ થી ૨-૦૦ (૧૦૧ વ્યક્તિને મુલાકાત)

શનિ-રવિ તથા જાહેર રજાના દિવસે બંધ.

* પૂજ્ય ગુરુદેવ આપના પત્રો વાંચે છે, પરન્તુ લેખિત જવાબ પાઠવતા નથી.

* શારીરિક-માનસિક રોગો માટે પૂ. ગુરુદેવ જીવનજળ આપે છે. સ્વચ્છ જળ લેવા ઇચ્છનારે ખાલી બાટલી સાથે લાવવી, જેથી અભિમંત્રિત જીવનજળ આપી શકાય.